પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૨૪૨ • કુલ પાના : ૪ • તારીખ : ૦૬-૦૬-૨૦૨૪ ગુરુવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપ્યું, નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૮મી જૂને યોજાઈ શકે છે

## મોદી સામે ૫ વર્ષમાં ૫ મોટા પડકાર, બહુમતી ગુમાવતાં હવે સાથીઓ પર નિર્ભર

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય કેબિનેટની બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં ૧૭મી લોકસભાને ભંગ કરવાની ભલામણ કરવામાં આવી હતી. વર્તમાન ૧૭મી લોકસભાનો કાર્યકાળ ૧૬ જૂને પૂરો થઈ રહ્યો હતો. બેઠક બાદ વડાપ્રધાન મોદી રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા અને લોકસભાના વિસર્જનની ભલામણ કરીને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને તેમના અને અન્ય મંત્રીઓના રાજીનામા સુપરત કર્યા. જેનો રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્વીકાર કર્યો હતો. રાષ્ટ્રપતિએ નરેન્દ્ર મોદીને આગામી સરકારની રચના સુધી કાર્યકારી વડાપ્રધાન તરીકે



જવાબદારી નિભાવવાની પણ અપીલ કરી હતી.

કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં લોકસભાની ચૂંટણીના પરિણામો અને ભાજપની આગેવાની હેઠળના એનડીએને ગૃહમાં બહુમતી મળ્યા બાદ સરકારની સંભવિત રચનાના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. સવારે ૧૧.૩૦ વાગ્યે વડાપ્રધાનના નિવાસસ્થાને બેઠક શરૂ થઈ હતી. આ બેઠક બાદ મંત્રી પરિષદની બેઠક પણ યોજાઈ હતી.રિપોર્ટ્સ અનુસાર, ૭ જૂને સંસદીય દળની બેઠક થશે અને નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ બીજા દિવસે એટલે કે ૮ જૂને થઈ શકે છે.

લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે અને ૫૪૩ લોકસભા બેઠકોમાંથી ભાજપે ૨૪૦ અને કોંગ્રેસે ૯૯ બેઠકો જીતી છે. ભાજપની આગેવાની હેઠળના એનડીએ ગઠબંધનને ૨૯૨ અને કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષી ગઠબંધનને ૨૩૪ બેઠકો મળી છે. પરિણામોથી સ્પષ્ટ છે કે દેશમાં આગામી સરકાર ગઠબંધનની જ હશે. વડાપ્રધાન મોદી ત્રીજી વખત દેશના વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે, પરંતુ આ વખતે ભાજપને સરકાર ચલાવવા માટે સાથી પક્ષોના સમર્થનની જરૂર છે. ખાસ કરીને જેડીયુ અને ટીડીપીનું સમર્થન જરૂરી રહેશે. દેશમાં ફરી એકવાર મોદી સરકાર બનવા જઈ રહી છે. જો કે આ વખતે ભાજપ પાસે બહુમતી નથી. આવી સ્થિતિમાં એનડીએની મદદથી સરકાર બનશે, અને મોટા કોઈ નિર્ણયો લેતા સમયે ભાજપે તેના સાથી પક્ષોનું પણ ધ્યાન રાખવું પડશે. ત્યારે વડાપ્રધાન મોદી સામે આગામી ૫ વર્ષમાં ૫ મોટા પડકારો હશે.જેમાં પહેલો પડકાર પૂર્ણ બહુમતી ન મળતા હવે સાથી પક્ષોને પ્રાથમિકતા આપવી પડશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે પોતાના સાથી પક્ષોને એકસાથે રાખવાનો મોટો પડકાર હશે. હવે સરકારે કાયદા અને બિલમાં પણ નીતિશ કુમાર અને ચંદ્રાબાબુ નાડુયનું ધ્યાન રાખવું પડશે.

બીજો પડકાર, એક વાત તો સૌ કોઈ જાણે કે છે ભાજપના બંને સાથીદારો નીતિશ અને નાયડુ પ્રાથમિક મુદ્દાઓ પર ક્યારેય એક થયા નથી. બંને નેતાઓ કિંમત વસૂલવામાં માહિર છે. હવે બજેટથી લઈને રાજ્ય સુધી તેઓ મોદી સરકાર પાસેથી કંઈક વધુ અપેક્ષા રાખશે. હવે વિશેષ રાજ્યનો મુદ્દો મોટો બનશે. બંને નેતાઓ પહેલાથી જ બિહાર અને આંધ્રપ્રદેશ માટે વિશેષ રાજ્યની માંગ કરી રહ્યા છે.

ત્રીજો પડકાર ,ભાજપ અને તેમના સાથી પક્ષો વચ્ચે ઘણા મુદ્દાઓ પર વિચારધારામાં તફાવત જોવા મળે છે. હવે આ જ કારણ છે કે મોદી સરકારે કોમન સિવિલ કોડ પર ધીમે ધીમે આગળ વધવું પડી શકે છે. ૩-૬૩ બેઠકોના આ આંચકા બાદ હવે ભાજપે પાર્ટી સંગઠનમાં ફેરફાર અંગે વિચારવું પડશે. આગામી દિવસોમાં પાર્ટી ફરી રી-સ્ટાર્ટના મૂડમાં જોવા મળી શકે છે.ચોથો પડકાર,વડાપ્રધાન મોદીએ તેમના વિજય ભાષણમાં સંકેત આપ્યા હતા કે તેમની સરકાર મોટા નિર્ણયો લેશે. પરંતુ આ ૫ વર્ષ મોદી મેજિકની જે ચમક ઓછી થઈ ગઈ છે તે પણ પાછી લાવવાનો સમય હશે, આ માટે મોદી સરકારે તેની નીતિઓને વધુ મજબૂત કરવી પડશે. પાંચમો પડકાર,આગામી દિવસોમાં મહારાષ્ટ્ર, દિલ્હી અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. હવે ભાજપ પર ત્રણેય રાજ્યોમાં વધુ સારું પ્રદર્શન કરવાનું દબાણ રહેશે. દિલ્હી સિવાય અન્ય બે રાજ્યોમાં લોકસભા ચૂંટણીના પરિણામોએ પાર્ટીનું ટેન્શન વધાર્યું છે. ભલે દિલ્હીમાં આપનો સફાયો થયો હોય, પરંતુ એ પણ સત્ય છે કે તેણે વિધાનસભાની ચૂંટણીમાં હંમેશા જોરદાર કમબેક કર્યું છે. આવી સ્થિતિમાં ભાજપે આ તરફ પણ ધ્યાન આપવું પડશે.

## ગુજરાતના ૪.૫૯ લાખથી વધુ મતદારોએ ’નોટા’નું બટન દબાવ્યું




અમદાવાદ


અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં કુલ ૨.૮૮ કરોડ મત પડ્યા હતા અને તેમાંથી ૪.૫૯ લાખ મતદારોએ ‘નન ઓફ ધ અબોવ’ (નોટા) ઉપર પસંદગી ઉતારીને તેમની - સમક્ષ ઉપલબ્ધ તમામ ઉમેદવારોના વિકલ્પને જાકારો આપ્યો હતો. ’નોટા’ નો સૌથી વધુ ઉપયોગ કરવામાં દાહોદ, છોટા ઉદેપુર, બારડોલી જેવી આદિવાસી બેઠક મોખરે રહ્યાં. ગત ટર્મ કરતા નોટાના ઉપયોગમાં ૧૦ ટકાનો વધારો થયો હોવાનું પણ પરિણામો બાદ સામે આવ્યું.

‘નોટા’ ને મામલે એસટી બેઠક દાહોદ સતત બીજી લોકસભા ચૂંટણીમાં મોખરે રહ્યું હતું. ૨૦૧૯માં ૩૧,૯૩૬ જ્યારે ૨૦૨૪માં ૩૪,૯૩૫ મતદારોએ ’નોટા’ ઉપર પસંદગી ઉતારી હતી. ’નોટા’માં અન્ય એક એસટી બેઠક છોટા ઉદેપુર ૨૯૯૫૫ સાથે બીજા સ્થાને છે. સૌથી વધુ ’નોટા’માં બારડોલી ૨૫૫૪૨ સાથે ત્રીજા, ભરૂચ ૨૩૨૮૩ સાથે ચોથા અને બનાસકાંઠા ૨૨૧૬૦ સાથે પાંચમાં સ્થાને હતું. જામનગરની બેઠકમાંથી સૌથી ઓછા ૧૧ હજાર લોકોએ નોટા ઉપ પસંદગી ઉતારી હતી. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાંથી ૪,૦૦,૯૩૨ દ્વારા નોટા ઉપર પસંદગી ઉતારવામાં આવી હતી.

**કઈ બેઠકમાંથી કેટલા ‘નોટા’**

| બેઠક | નોટા |
|---|---|
| દોહોદ | ૩૪,૯૩૮ |
| છોટા ઉદેપુર | ૨૯,૬૫૫ |
| ભરૂચ | ૨૩,૨૮૩ |
| બનાસકાંઠા | ૨૨,૧૬૦ |
| ગાંધીનગર | ૨૨,૦૦૫ |
| સાબરકાંઠા | ૨૧,૦૭૬ |
| નવસારી | ૨૦,૪૬૨ |
| પંચમહાલ | ૨૦,૧૦૩ |
| ખેડા | ૧૮,૮૨૪ |
| ભાવનગર | ૧૮,૭૬૫ |
| કચ્છ | ૧૮,૬૦૪ |
| વલસાડ | ૧૮,૩૮૮ |
| પાટણ | ૧૬,૭૨૨ |
| આણંદ | ૧૫,૯૩૦ |
| રાજકોટ | ૧૫,૯૨૨ |
| જુનાગઢ | ૧૪,૦૧૩ |
| અમદાવાદ.પ | ૧૪,૦૦૭ |
| પોરબંદર | ૧૩,૦૦૪ |
| સુરેન્દ્રનગર | ૧૨,૭૯૬ |
| મહેસાણા | ૧૧,૬૨૬ |
| અમરેલી | ૧૧,૩૪૯ |
| જામનગર | ૧૧,૦૮૪ |

## મેલોનીથી લઈને મોઈઝુ સુધી, વિદેશી નેતાઓએ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા



નવીદિલ્હી

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો આવી ગયા છે. પીએમ મોદી અને બીજેપીના નેતૃત્વમાં એનડીએ ગઠબંધનને બહુમતી મળી છે અને આગામી દિવસોમાં ત્રીજી વખત એનડીએ સરકાર બનવા જઈ રહી છે. આ બધાની વચ્ચે, પીએમ મોદીને વૈશ્વિક નેતાઓ તરફથી પણ અભિનંદન મળવાનું શરૂ થઈ ગયું છે, જેમાં મિત્ર દેશોના રાષ્ટ્રપતિઓ અને વડા પ્રધાનો પીએમ મોદીને તેમની શુભેચ્છા સંદેશ મોકલી રહ્યા છે.

વાસ્તવમાં, માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ ઠ પર લખ્યું કે ૨૦૨૪ની ચૂંટણીમાં સતત ત્રીજી વખત સફળ થવા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ અને એનડીએને અભિનંદન. તેમને કહ્યું કે હું બંને દેશોની સહિયારી સમૃદ્ધિ માટે સાથે મળીને કામ કરવા આતુર છું.

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પણ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે એકસ પર લખ્યું કે નવી ચૂંટણીની જીત અને સારા કામ માટે શુભેચ્છા. તે નિશ્ચિત છે કે અમે ઈટાલી અને ભારતને એક કરતી મિત્રતાને મજબૂત કરવાનું ચાલુ રાખીશું અને આપણા રાષ્ટ્રો અને આપણા લોકોની સુખાકારી સાથે સંબંધિત મુદ્દાઓ પર સાથે મળીને કામ કરીશું.

આ સિવાય પાડોશી દેશ ભૂટાનના વડાપ્રધાન શેરિંગ તોબગેએ કહ્યું કે તેઓ ભારત સાથે સંબંધોને વધુ ગાઢ બનાવવા આતુર છે. તેમણે કહ્યું કે વિશ્વની સૌથી મોટી ચૂંટણીમાં ઐતિહાસિક જીત હાંસલ કરવા બદલ મારા મિત્ર વડાપ્રધાન મોદી અને એનડીએને અભિનંદન. તે ભારતને નવી ઊંચાઈએ લઈ જઈ રહ્યો છે. હું બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરવા તેમની સાથે મળીને કામ કરવા આતુર છું.

શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેએ પણ તેમને અભિનંદન પાઠવ્યા છે. તેમણે લખ્યું કે એનડીએની જીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પ્રગતિ અને સમૃદ્ધિમાં ભારતીય લોકોનો વિશ્વાસ દર્શાવ્યો છે. શ્રીલંકા, તેના સૌથી નજીકના પાડોશી તરીકે, ભારત સાથે તેની ભાગીદારીને વધુ મજબૂત કરવા આતુર છે.

## નિતીશકુમાર પલટાઈ જાય તો પણ ભાજપ એનડીએની સરકાર બનાવી શકે છે

નવીદિલ્હી,

કોંગ્રેસ છેલ્લા ૧૦ વર્ષતી સત્તાની બહાર છે. અને હવે ઈચ્છે છે કે કોઈપ રીતે સરકારનો હિસ્સો બને અને ભાજપને દૂર કરવામાં આવે. દરમિયાન સમગ્ર દેશની નજર નિતીશ કુમાર અને આંધ્રપ્રદેશમાં જીતેલા ચંદ્રબાબુ નાયડુ પર ટકી છે.લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામોમાં કોઈ પક્ષને બહુમત મળ્યો નથી. ભાજપ સૌથી વધુ ૨૪૦ બેઠકો સાથે સૌથા મોટી પાર્ટી છે. પરંતુ બહુમતથી ૩૨ સીટો દૂર છે. એ જ કારણ છે કે પરિણામ આવ્યા બાદથી જ સસ્પેન્સ બનેલું છે અને સરકાર બનાવવા માટે રસાકસી જામી છે. ઈન્ડિયા અલાયન્સના તેજસ્વી યાદવ અને પવન ખેડા જેવા નેતાઓનું રકહેવું છે કે ભાજપને બહુમત મળ્યો નથી અને અમે સરકાર બનાવવા માટે કોઈ પણ હદે જઈશું. કોંગ્રેસ છેલ્લા દસ વર્ષતી સત્તાની બહાર છે અને હવે ઈચ્છે છે કે કોઈપણ રીતે સરકારનો હિસ્સો બને અને ભાજપને બહાર કરવામાં આવે.

નિતીશ કુમાર અને ચંદ્રબાબુ નાયડુ પર નજર હોવાનું કારણ નિતીશ કુમાર પહેલા પણ કેટલીય વાર અહીં તહી જઈ ચુક્યા છે. બુધવારે સવારે પટનાથી દિલ્હી આઈ વિસ્ટારાની ફ્લાઈટમાં જ્યારે નિતીશ કુમાર અને તેજસ્વી યાદવ આગળ પાછળની સીટ પર જોવા મળ્યા ત્યારબાદ જેને કારણે કસ્ણકશ વધી ગઈ હતી. દરેકની નજર સીટ સમીકરણ પર છે કે નિતીશ કુમાર જો એનડીએને બદલે ઈન્ડીયા અલાયન્સ સાથે જતા રહ્યા તો મોદી સરકારનું શું થશે. નિતીશ કુમાર ૧૨ સીટ લાવીને એનડીએની મહત્વની કડી બની ગયા છે, પરતું તો તે પલટાઈ ગયા તો ઈન્ડિયા અલાયન્સ સરકાર બનાવવા માટે ૨૭૨ વાળા જાદુઈ આંકડા સુધી નહી પહોંચી શકે.

હવે તેને કારણે એનડીએને થયેલા નુકશાનની વાત કરીએ તો તેને નિતીશના જવાથી ઝટકો જરૂર લાગશે પરંતુ કેટલાય અન્ય સહયોગીઓના ભરોસે તે સત્તામાં આવી શકે છે. ભાજપને ૨૪૦ સીટો મળી છે અને ચંદ્રાબાબુની ૧૬ સીટો છે. બન્નેને ભેગા કરીએ તો આંકડો ૨૫૬ થઈ જાય છે. ત્યારબાદ એકનાથ શિંદેની સિવસેના પાસે ૭ સાંસદ છે. આ રીતે આંકડો ૨૬૩ થી જાય છે. ઉપરાંત પોતાને મોદીના હનુમાન કહેનારા ચિરાગ પાસવાન પાસે પાંચ સાંસદ છે.

તો આ આંકડો ૨૮૬ થઈ જાય છે. આંદ્રની જનસેના પાસે ૨ અને જયંત ચૌધરીની આરએલડી પાસે પણ બે સીટ છે. અપના દલ અને અજીત પવારની પણ એક એક સીટ છે. આ સીટોને ભેગી કરીએ તો ૨૭૪નો આંકડો થઈ જાય છે. આ પાર્ટીઓ સિવાય પંજાબમાં ભાજપની સહયોગી રહેલી અકાલી દળ પણ એક સીટ જીતી છે. ભાજપ જો પ્રયાસ કરે તો તેનો સાથ મળી શકે છ. જીતનરામ માઝીની પાર્ટી એચએએમ અને આસામમાં ભાજપની સહયોગી આસામ ગણ પરિષદ પણ એક સીટ જીતી છે. આ તમામનો સાથ મળે તો પછી એનડીએ કુલ ૨૭૭ સીટ સાથે સરળતાથી સરકાર બનાવી શકે છે.

## ચીનનું અવકાશયાન ચંદ્રની ધરા પરથી માટી લઈને પાછું ફર્યુ

બીજીંગ,

ચીનનું અવકાશયાન ચાંગઈ-૬નું એસેન્ડર, જે ચંદ્રની દૂરની બાજુએ એટલે કે કાળી બાજુએ પહોંચ્યું હતું, તે માટી અને પથ્થરોના નમૂનાઓ સાથે પૃથ્વી તરફ પાછું ફરી રહ્યું છે. એસેન્ડર એટલે ચંદ્રની સપાટી પરથી તેની ભ્રમણકક્ષામાં પરત ફરેલ સાધન. હવે તે ત્યાંથી સેમ્પલ લઈને પૃથ્વી તરફ આવી રહ્યું છે.

ચીનની સ્પેસ એજન્સી સીએનએસએએ જણાવ્યું કે આ વાહન ગયા મહિને લોન્ચ કરવામાં આવ્યું હતું. જે બે દિવસ પહેલા એટલે કે રવિવારે ચંદ્રના અંધારા ભાગમાં ઉતરી ગયો હતો. આ ઉતરાણ સાથે, ચાઈના ચંદ્રની કાળી બાજુએ બે વાર તેનું અવકાશયાન લેન્ડ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો. ત્યાંથી સેમ્પલ પણ લીધા.

ચીનની સ્પેસ એજન્સીએ જણાવ્યું હતું કે ચાંગે-૬થી સેમ્પલ લઈ



જનાર એસેન્ડર ૨૫ જૂનની આસપાસ ચીનના આંતરિક મંગોલિયા ક્ષેત્રના રણમાં ઉતરશે. આ અવકાશયાન જે જગ્યાએ ચંદ્ર પર ઉતર્યું છે ત્યાંનું તાપમાન માઈનસ રહે છે. આ કામ વિશ્વમાં પ્રથમ વખત થશે, જ્યારે કોઈ દેશ ચીનના અંધારા ભાગમાંથી સેમ્પલ લઈને પૃથ્વી પર પરત ફરશે.

સમગ્ર વિશ્વમાં ચીનની સ્પેસ પાવરની સ્થિતિ વધી છે. અમેરિકા ચંદ્ર પર અવકાશયાત્રીઓ મોકલવા માંગે છે. ચંદ્ર પર પોતાનો આધાર બનાવવા માંગે છે. પરંતુ એવી શક્યતા છે કે ચીન આ કામ અમેરિકા અને અન્ય દેશો કરતાં ઘણું વહેલું કરી શકે છે.

ચીનનું ચાંગઈ-૬ અવકાશયાન ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર આવેલા એટકેન બેસિનમાં ઉતર્યું છે. આ ઉલ્કાપિંડની અથડામણથી રચાયેલ ચંદ્રનો એક વિશાળ અસર ખાડો છે. આ મિશનમાં ઘણી નવીનતાઓ કરવામાં આવી છે. અનેક પ્રકારની સમસ્યાઓ ઊભી થઈ છે. બધા પેલોડ્સ કે જે ચેન્જ ૬ માં ગયા હતા તે પૂર્વ-નિર્ધારિત કાર્યો કરશે.

ચંદ્રની કાળી બાજુમાં ઊંડા, મોટા ખાડાઓ છે. તે બાજુથી વાતચીત પણ સરળ નથી. તેથી, કોઈપણ મિશનની નિષ્ફળતાની ઉચ્ચ સંભાવના છે. તમારું મિશન પર કોઈ નિયંત્રણ નથી. મિશન સંપૂર્ણ સ્વચાલિત મોડ પર રહે છે. અવકાશયાન તેની બુદ્ધિમત્તા અને ઓનબોર્ડ કોમ્પ્યુટરમાં લોડ થયેલ પ્રોગ્રામ્સ અનુસાર કામ કરે છે.

## મુંબઈની બેઠક પર ઉલટફેર : માત્ર એક મતે જીતેલા ઉમેદવાર ફેર મત ગણતરીમાં હારી ગયા

મુંબઈ,

મહારાષ્ટ્રમાં મુંબઈ ઉત્તર પશ્ચિમ લોકસભા બેઠક પર લડાઈ રસપ્રદ બની હતી. શિવસેનાના ઉધ્ધવ જૂથના અમોલ કીર્તિકર માત્ર એક મતથી જીત્યા હતા. જોકે, શિંદે જૂથના ઉમેદવાર રવીન્દ્ર વાયકરે જેની સામે સખત વાંધો વ્યક્ત કર્યો હતો અને ફરીથી મતગણતરી કરવાની માંગ કરી હતી. ચૂંટણી પંચે તેમની માંગ સ્વીકારી હતી. ફરી એકવાર મત ગણતરી શરૂ કરી હતી. જેમાં રવીન્દ્ર વાયકરને માત્ર ૪૮ મતોથી વિજયી જાહેર કરવામાં આવ્યા હતા.ચૂંટણી પંચની વેબસાઈટ મુજબ શિવસેનાના ઉદ્ધવ જૂથના અમોલ કીર્તિકરને ૪,૫૨,૫૯૬ મત મળ્યા છે. જ્યારે શિંદે જૂથના ઉમેદવાર રવીન્દ્ર વાયકરને ૪,૫૨,૬૪૪ મત મળ્યા છે. પરિણામે માત્ર ૪૮ મતથી રવીન્દ્ર વાયકર વિજય થયો છે.

## ૭ રાજ્યોમાં ભાજપનું ખાતું ખૂલ્યું નથી,૪ કેન્દ્રશાસિત પ્રદેશોમાં પણ શૂન્ય

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણીના પરિણામ આવી ગયા છે. અબકી બાર, ૪૦૦ પારનો નારો લગાવનારી ભારતીય જનતા પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. પાર્ટી પોતાના દમ પર બહુમત હાસિલ કરવાનું ચૂકી ગઈ છે. છેલ્લા બે લોકસભા ચૂંટણીના મુકાબલે આ વર્ષે પાર્ટીનું સૌથી ખરાબ પ્રદર્શન છે. પાર્ટી આ વખતે માત્ર ૨૪૦ સીટો પર જીતી રહી છે. પાછલી ચૂંટણીમાં ભાજપે ૩૦૩ સીટ જીતી હતી. પરંતુ એનડીએના સહયોગીઓની મદદથી ભાજપ ફરી સરકાર બનાવવાની સ્થિતિમાં છે. ખાસ વાત છે કે દેશના સાત રાજ્યો અને ૪ કેન્દ્ર શાસિત પ્રદેશમાં પાર્ટી સંપૂર્ણ રીતે સાફ થઈ ગઈ છે.

આ વખતે ચૂંટણીમાં ભાજપને સીટોની સાથે વોટ શેરમાં પણ ઝટકો લાગ્યો છે. પાર્ટી આ વખતે લગભગ ૨૪૦ સીટો જીતી રહી છે. જ્યારે પાછલી ચૂંટણીમાં ૩૦૩ સીટ જીતી હતી. ૨૦૧૪ની ચૂંટણીમાં ભાજપને ૨૮૨ સીટો મળી હતી. આ વખતે પાર્ટીને ૩૬.૬૧ ટકા મત મળ્યા છે. તો ૨૦૧૯માં પાર્ટીનો વોટ શેર ૩૭.૬૯ ટકા હતો. જ્યારે ૨૦૧૪ની ચૂંટણીમાં ભાજપને ૩૧ ટકા મત મળ્યા હતા. કોંગ્રેસને આ વખતે ૨૧.૨૬ ટકા સીટ મળ્યા છે. જ્યારે પાર્ટીને પાછલી ચૂંટણીમાં ૧૯.૬૬ ટકા મત મળ્યા છે. કોંગ્રેસે પાછલી ચૂંટણીમાં ૫૨ સીટ જીતી હતી. આ વખતે આશરે ૧૦૦ સીટ જીતી રહી છે.

પંજાબમાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. પંજાબમાં પાર્ટી સંપૂર્ણ રીતે સાફ થઈ ગઈ છે. પાછલી ચૂંટણીમાં પાર્ટીના બે સાંસદ હતા. આ વખતે પંજાબમાં ભાજપને શૂન્ટ સીટ મળી છે. પંજાબમાં ભાજપનું શિરોમણિ અકાલી દળ સાથે ગઠબંથન થયું નહીં. તેનું નુકસાન પાર્ટીને થયું છે. દક્ષિણ ભારતના તમિલનાડુમાં પાર્ટી એકવાર ફરી ખાતું ખોલવામાં નિષ્ફળ રહી છે. પીએમ મોદીના સતત પ્રવાસ છતાં ત્યાં કોઈ સફળતા મળી નથી. મણિપુરની બે સીટો પર કોંગ્રેસે કબજો કર્યો છે. ભાજપને ત્યાં ૧૬.૫૮ ટકા મત મળ્યા છે. સિક્કિમમાં એક લોકસભા સીટ છે. આ સીટ પર સિક્કિમ ક્રાંતિકારી મોર્ચાને જીત મળી છે.

ભાજપ તમિલનાડુ, પંજાબ, સિક્કિમ, મણિપુર, મેઘાલય, મિઝોરમ,નાગાલેન્ડમાં ખાતુ ખોલાવી શકયુ નથી આ ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી,ચંદીગઢ,લદાખ,લક્ષદ્વીપ આજ સ્થિતિ રહી

ભાજપને કેન્દ્રશાસિત પ્રદેશમાં પણ ઝટકો લાગ્યો છે. પાર્ટીએ ચંદીગઢ સીટ ગુમાવવી પડી છે. આ રીતે પુડુચેરી, લદાખ અને લક્ષદ્વીપમાં પણ પાર્ટી ખાતું ખોલાવી શકી નથી.

## વાયનાડ સીટ છોડી શકે છે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધીને ચૂંટણી લડાવશે


નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી માટે મંગળવારે જાહેર થયેલા પરિણામમાં ભારતીય જનતા પાર્ટીની આગેવાનીવાળી એનડીએને ૨૯૨ સીટો પર લીડ મળી છે, જ્યારે વિપક્ષી ગઠબંધન ઈંડિયાને ૨૩૩ સીટ પર આગળ છે. તેની સાથે જ આ સંકેત મળી રહ્યા છે કે પીએમ મોદી સતત ત્રીજી વાર પ્રધાનમંત્રી બનીને દેશની કમાન સંભાળશે. આ ઉપરાંત તેમનો સામનો એક મજબૂત વિપક્ષ સામે થઈ શકે છે.સૂત્રોએ જણાવ્યું છે કે, રાહુલ ગાંધી વાયનાડ સીટ છોડી શકે છે અને ત્યાંથી પ્રિયંકા ગાંધીને ચૂંટણી લડાવાની ચર્ચા છે. આ અગાઉ એક પ્રેસ કોન્ફ્રેન્સમાં રાહુલ ગાંધીએ કહ્યું હતુ કે, હાલમાં તેમણે તેના વિશે કોઈ નિર્ણય લીધો નથી કે વાયનાડ અને રાયબરેલીમાંથી કઈ સીટ છોડશે?લોકસભા ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેઓ રાયબરેલીમાં હોય કે વાયનાડમાં, વિપક્ષમાં હોય કે સરકારમાં હોય, દરેક પ્રશ્નનો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું કે, જનતાએ ભાજપનો હિસાબ કરી દીધો છે. દેશે મોદીને નકારી દીધા છે. આ ચૂંટણી માત્ર એક રાજકીય પક્ષ સામે નહોતી. અમે એક પક્ષ, એક ગવર્નમેન્ટ સ્ટ્રક્ચર, સીબીઆઈ, ઈડી અને ન્યાયતંત્ર સામે લડ્યા. કારણ કે આ સંસ્થાઓ મોદી અને અમિત શાહે કબજે કરી હતી.રાહુલ ગાંધીએ કહ્યું, આ લડાઈ બંધારણને બચાવવાની હતી. જ્યારે પાર્ટીનું બેંક એકાઉન્ટ કેન્સલ ફ્રિઝ કરવામાં આવ્યું હતું. જ્યારે મુખ્ય મંત્રીને જેલમાં ધકેલી દેવામાં આવ્યા ત્યારે મને ભરોસો હતો કે, ભારતના લોકો તેમની ચાલને સફળ થવા દેશે નહીં. જનતાનો દિલથી આભાર. તમે બંધારણને બચાવવા માટે પહેલું અને સૌથી મોટું પગલું ભર્યું છે. અમે સરકારી એજન્સીઓ સામે લડ્યા. જ્યાં પણ ગઠબંધન થયું ત્યાં અમે એક બનીને લડ્યા. કોંગ્રેસે દેશને એક નવું વિઝન આપ્યું છે. અમે તેમના પ્રયાસોને સફળ થવા દઈશું નહીં. જે વચને આપ્યા તે અમે પૂર્ણ કરીશું.તેમણે કહ્યું હતું કે ગઠબંધનના નેતાઓ જે પણ નિર્ણય લેશે તે અંતિમ નિર્ણય હશે. અમારા સાથીઓ સાથે વાત કર્યા બાદ જ અમે સરકારની રચના અંગે શું કરવું તે નક્કી કરીશું. કોંગ્રેસ એકલી નથી. અમારી સાથે બીજી ઘણી પાર્ટીઓ છે. તેમની સાથે બેઠક કરીશું, કારણ કે આજે અમારી પાસે ખરેખર આનો જવાબ નથી.

## પશ્ચિમ લોકસભા બેઠક પરથી શિવસેના (એકનાથ શિંદે જૂથ)ના ઉમેદવાર માત્ર ૪૮ મતોથી જીત્યા

મુંબઈ

લોકસભા ચૂંટણીના પરિણામો લગભગ સ્પષ્ટ થઈ ગયા છે. આ દરમિયાન શિવસેના (એકનાથ શિંદે જૂથ)ના ઉમેદવાર રવિન્દ્ર વાયકર મુંબઈ ઉત્તર પશ્ચિમ લોકસભા બેઠક પરથી માત્ર ૪૮ મતોથી જીત્યા છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં આ સૌથી ઓછા અંતરથી મળેલી જીત છે. ચૂંટણી પંચના ડેટા અનુસાર રવિન્દ્ર વાયકરને મુંબઈ ઉત્તર પશ્ચિમ લોકસભા બેઠક પરથી ૪,૫૨,૬૪૪ લાખ મત મળ્યા છે જ્યારે આ બેઠક



પરથી તેમના નજીકના હરીફ શિવસેના યુબીટીના ઉમેદવાર અમોલ કીર્તિકરને ૪,૫૨,૫૯૬ મત મળ્યા છે.મુંબઈ નોર્થ વેસ્ટ સીટ પર તેમના પ્રતિસ્પર્ધીને માત્ર ૪૮ વોટથી હરાવવાના પ્રશ્ન પર વાઈકરે કહ્યું કે, લોકશાહીમાં દરેક મતનું મૂલ્ય હોય છે. વાજપેયીજીની સરકાર એક મતથી પડી ગઈ હતી. મેં કહ્યું હતું કે, હું લડીશ અને જીતીશ અને હું જીતી ગયો. મેં મહારાષ્ટ્ર, મુંબઈ અને દેશની સેવા કરવાની પ્રતિજ્ઞા લીધી છે. મેં કહ્યું હતું કે ભગવાન મને જે રીતે આપે છે તે રીતે મારે જીતવું છે. જીતવું હોય તો જીત્યા પછી સારું કામ કરવું પડશે. હવે સારું કામ કરવું પડશે.મુંબઈની જોગેશ્વરી પૂર્વ બેઠકના ધારાસભ્ય રવિન્દ્ર વાયકર આ વર્ષની શરૂઆતમાં શિવસેના યુબીટીમાંથી મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનામાં જોડાયા હતા. મુંબઈ નોર્થ વેસ્ટ લોકસભા સીટ પરથી તેમની ઉમેદવારીની અંતિમ ક્ષણે જાહેરાત કરવામાં આવી હતી. મત ગણતરીના પ્રારંભિક વલણોમાં બંને ઉમેદવારો અલગ-અલગ સમયે આ બેઠક પર આગળ હતા. આ સમયગાળા દરમિયાન એક સમય એવો આવ્યો જ્યારે કીર્તિકર માત્ર એક મતથી આગળ હતા. શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ મતગણતરી પ્રક્રિયામાં અનિયમિતતાની આશંકા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, તેમની પાર્ટી પરિણામોને પડકારવાનું વિચારી રહી છે.

# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સંતરામપુર તાલુકાના ધામોદના મોહિલા ગામમાં ફળાઉ તેમજ જીવન જરૂરિયાત ઉપયોગી રોપાનો વિતરણ કરાવવામાં આવ્યું



મહીસાગર,
આજે વિશ્વ પર્યાવરણ દિવસે પાંચ જૂને જે ફાર્મ સર્વિસ અને આત્મા પ્રોજેક્ટ મહીસાગરના સહયોગથી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં સંતરામપુર તાલુકાના ધામોદ ના મોહિલા ગામમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો આ પ્રસંગે કંપનીના ફિલ્ડ ઓફિસર દ્વારા ફળાઉ તેમજ જીવન જરૂરિયાત ઉપયોગી રોપાનો હાજર રહેલા ખેડૂતોને વિતરણ કરાવવામાં આવ્યું.

આત્મા પ્રોજેક્ટના સ્ટાફ દિનેશભાઈ દ્વારા જીવનમાં અને પર્યાવરણમાં વૃક્ષોનું મહત્વ સમજાવી અને ગ્લોબલ વોર્મિંગ જેવી અસરોને દૂર કરવા મિશ્ર ખેતી પદ્ધતિ તેમજ પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે હિમાયત કરવામાં આવ્યા.

આ પ્રસંગે આત્મા પ્રોજેક્ટમાં સ્ટાફ અને કંપનીના ફિલ્ડ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા અને ખેડૂતોને વિનામૂલ્ય રોપા પૂરા પાડવામાં આવ્યા હતા. તેમજ તેમણે ખેડૂતોને એક ખેડૂત ઓછામાં ઓછો એક છોડ વાવે તેવો અનુરોધ કર્યો હતા

# લુણાવાડા વેદાંત સંકૂલ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



મહીસાગર,
મહીસાગર જીલ્લાના લુણાવાડા વેદાંત સંકૂલ ખાતે નાયબ વન સંરક્ષક નેવિલ ચૌધરીના અદયક્ષ સ્થાને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નાયબ વન સંરક્ષકએ આ વર્ષની વિશ્વ પર્યાવરણ દિવસની યુનાઈટેડ નેશન્સ દ્વારા નક્કી કરવામાં આવેલ થીમ લેન્ડ રીસ્ટોરેશન ડેઝર્ટીફીકેશન એન્ડ ડ્રાઉટ રિઝલિયન્સ Land Restoration, Desertification and Drought Resilience વિશે માહિતી આપતા જમીનનો પુનરૂદ્ધાર અને રણ તેમજ દુકાળને કેવી રીતે અટકાવી શકીએ તે અંગે માહિતગાર કર્યા હતા. તેમણે આજથી સ્કૂલમાં પર્યાવરણ દિવસની ઉજવણીથી શરૂઆત કરી આગામી દિવસોમાં જીલ્લામાં સરકારી, સહકારી અને ખાનગી સંસ્થાઓ તેમજ વ્યક્તિગત ધોરણે મળીને વૃક્ષારોપણ અભિયાનની જાણકારી આપી હતી. મહીસાગર જીલ્લામાં ૧૫૦૦ હેક્ટર થી વધારે વિસ્તારમાં ૨૫ લાખથી વધુ રોપાઓના વાવેતરના લક્ષ્યાંક સાથે આયોજન કરવામાં આવ્યું છે. તેમ જણાવી પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધનના અભિયાનમાં સૌને જોડાવવા અપીલ કરી હતી.

આ કાર્યક્ર્મમાં આર એફ ઓ વૈભવ હારેજા, શાળા ટ્રસ્ટીઓ હીરાભાઈ, મહેશભાઈ, વન કર્મીઓ સહિત શાળા પરિવારની ઉપસ્થિતિમાં સૌએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ રક્ષાનો સંકલ્પ લીધો હતો.

## EMRI ગ્રીન હેલ્થ સર્વિસની ૧૯૬૨ હેલ્પલાઈન સ્ટાફ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ



નડિયાદ,
૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિતે આણંદ અને ખેડા જીલ્લામાં કાર્યરત EMRI ગ્રીન હેલ્થ સર્વિસની કરૂણા એમ્બ્યુલન્સ અને ૧૪ ફરતું પશુ દવાખાનાના ૧૭ વેટરીનરી ડોક્ટર અને ૨૦ પાયલોટ ભેગા મળીને કુલ ૩૫ જેટલાં વૃક્ષારોપણ કર્યા હતા.

આ પ્રસંગે જીલ્લાના પ્રોગ્રામ મેનેજર ર્ડા.નીરજસિંહ અને પ્રોજેક્ટ કોઓર્ડીનેટર જૈમિલ દવે સહિત EMRI ગ્રીન હેલ્થ સર્વિસનો સ્ટાફ વૃક્ષરોપણ કાર્યક્રમમાં જોડાયા હતા.



પર્યાવરણ દિન નિમિત્તે આજ રોજ લુણાવાડા વર્કશોપ ખાતે ડેપો મેનેજર જાગૃતિબેન ગણાવાની આગેવાનીમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. જેમાં લુણાવાડા એસ.ટી. ડેપોના એ.ટી.આઈ. સિદ્ધરાજસિંહ સીસોદીયા તથા બહાદુરસિંહ સીસોદીયા તથા હેડમિકેનિક તેમજ સ્ટાપ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. તમામ છોડવાઓને અલગ અલગ સ્ટાપ મિત્રો દ્વારા દત્તક લઈ લેવામાં આવ્યા છે. જેથી કરીને છોડવાઓ માવજત વગર સુકાઈ જાય નહીં.

## સંતરાપુર મોટીકયાર ગામે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ



સંતરામપુર,
આજ રોજ સંતરામપુર તાલુકાના મોટીકયાર ગામે ધી મોટીકયાર વન વિકાસ સ.મ.લી તથા ફાઉન્ડેશન ફોર ઈકોલોજીકલ સિક્યુરિટી સંતરામપુર સહયોગથી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં સંતરામપુર મોટીકયાર, કોતરા, ખેડપા અને ભાણાસિમલ ગામનાં ૫૫ જેટલા ભાઈઓ બહેનો જોડાયા હતા. આ ઉજવણીમાં ફોરેસ્ટ ઓફિસર જીતુભાઈ ભરવાડ દ્વારા પર્યાવરણ અને આદિવાસી સમુદાય સાથેનાં સબંધ વિશે ચર્ચા કરવામાં આવી. આ કાર્યક્રમમાં ગ્રામ્ય કક્ષાના આરોગ્ય કર્મચારી પણ જોડાયાં હતાં. કોતરા ગામનાં આગેવાન કાળુભાઈ તાવિયાડ દ્વારા જંગલ અને તેની આડ પેદાશો ઉપર ચર્ચા કરવામાં આવી અને જંગલ સાથે થતાં ૨૦ વર્ષના કામો વિશેની ચર્ચા કરવામાં આવી ઉજવણી દરમિયાન ઉપસ્થિત ભાઈઓ તથા બહેનોએ ક્લાઈમેટ ચેન્જ ઉપર ચર્ચા કરી અને તેને રોકવા માટે કેવા પ્રકારના કામો કરી શકાય તેના ઉપર ચર્ચા કરવામાં આવી કાર્યક્રમના અંતે ગામનાં ભાઈઓ તથા બહેનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

## મહીસાગર બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



મલેકપુર,
વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા લુણાવાડા મહિસાગર ખાતે ગોધરાથી પધારેલ નાયબ પ્રાદેશિક વડા સંજય કુમારની મહાનુભાવની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થામાં ૨૫ થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. તેમજ સંસ્થામાં ચાલી રહેલી લાઈટ મોટર વ્હીકલ ઓનર ડ્રાઈવરની તાલીમના તાલીમાર્થીઓ સાથે સંવાદ યોજાયો હતો. જેમાં ડેપ્યુટી મેનેજરે તાલીમાર્થીઓને તાલીમ લઈ સ્વરોજગારી પેદા કરવા પ્રેરણા આપી તેમનો ઉત્સાહ વધાર્યો અને વિશ્વ પર્યાવરણ દિવસના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. આજના કાર્યક્રમમાં મહીસાગર લીડ બેન્ક મેનેજર પી.આર.બારોટ, ચીફ મેનેજર રાજકુમાર, સિનિયર મેનેજર આશિષ કુમાર અને વિદ્યા ભૂષણ, સંસ્થાના ડાયરેક્ટર વિશાલ અગ્રવાલ અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને પર્યાવરણની જાળવણી માટે સંકલ્પ લઈ સફળતાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

## વિશ્વ પર્યાવરણદિન નિમિતે નડિયાદ નગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું



નડિયાદ,
આજે ૦૫, જૂન ૨૦૨૪ અન્વયે વિશ્વભરમાં અવર લેન્ડ, અવર ફ્યુચરના નારા સાથે પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. ત્યારે ખેડા જીલ્લામાં નડિયાદ નગરપાલિકા દ્વારા બેન્ક ઓફ બરોડા, કોકરણ મંદિર શાખાનાં સહયોગ થી દાવલીયાપુરા ખાતે આવેલ અક્ષરબાગમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. જેમા બારમાસી, કરણ, ગુલમહોર સહિત ૨૦ થી વધુ વૃક્ષો રોપવામાં આવ્યા હતા. આ પ્રંસગે નગરપાલિકા ચીફ ઓફીસર રૂદ્રેશ હૂદડ, કોકરણ મંદિર શાખા, બેન્ક ઓફ બરોડાનાં અધિકારીઓ, કર્મચારીઓ અને વૃક્ષપ્રેમી નગરજનો સહિત ૫૦ જેટલા લોકોએ કાર્યક્રમમાં ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો.

# વાસ્મોના સરકારી કામમાં અડચણ ઊભી કરનાર ચિરાગ રીંગ સર્વિસના માલિક અને તેના સાગરિત વિરુદ્ધ ફરીયાદ

મહીસાગર
મહીસાગર જિલ્લામાં વાસ્મો યોજનામા રિપેરિંગ કામગીરી કરતી કંપનીના માણસોને ચિરાગ બોરવેલના માલિકે ધમકી આપતાં પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના નવાગામે સરકાર દ્વારા જાહેર કરેલી મહત્વાકાંક્ષી યોજના નળ સે જળ ની કામગીરી કરવામા આવેલ હોય અને લોકો સુધી પાણી પહોંચાડવા માટે ગામ ના સમ્પ સુધી પાણી આપવાની જવાબદારી ગુજરાત પાણી પુરવઠા બોર્ડ અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવામાં આવતી હોય જે ઘરે ઘરે નળ થી જળ પાણી આપવાની જવાબદારી ટેન્ડર પ્રક્રિયા કરી કામગીરી પૂર્ણ કરાવી પાણી પુરવઠો શરૂ કરવાની જવાબદારી વાસ્મોની હોઈ જે અન્વયે મહીસાગર જીલ્લામા લીકેજ રીપેરીંગ માટે જે.ડી,કન્સટ્રકશનને મંજુરી આપવામા આવેલ છે. જે મંજુરી આધારે જે ડી કન્સટ્રકશન દ્વાર તાત્કાલિક કામગીરી ચાલુ કરાવામાં આવેલ હતી ત્યારે જે ડી કન્સટ્રકશનના માણસો નવાગામે લીકેઝ રીપેરીંગ કામગીરી કરતા હતા તે વખતે આરોપી ચિરાગ રીંગ સર્વિસ લુણાવાડાના માલિક કલ્પેશ શાહ દ્વારા ફોન ઉપર કામગીરી બંધ કરવા સારૂ ધમકી આપી તેમજ તેના માણસ દ્વારા કામગીરીના સ્થળે રૂબરૂ મોકલી લીકેઝ રીપેરીંગ કામગીરી બંધ કરાવવાની ધમકી આપી મા બેન સમાણી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી સરકારી કામગીરીમા રૂકાવટ કરી એકબીજાની મદદગારી કરી ગુન્હો કર્યો વિગેર બાબતે વાસ્મો યુનિટ મેનેજર ગિરીશ અગોલાએ બાકોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. બાકોર પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીઓ વિરૂદ્ધ તપાસ કાર્યવાહીના ચક્રો ગતિમાન કર્યા છે ચિરાગ બોરવેલ જિલ્લામાં જાણીતું નામ છે અને તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

# રાજકોટ અગ્નિકાંડમાં નવો વળાંક: ગમે ત્યારે નેતાઓના નામ સામે આવી શકે છે

રાજકોટ,
રાજકોટ અગ્નિકાંડ કેસમાં એસઆઈટી દ્વારા વધુ સમય માંગવામાં આવ્યો છે. ૧૦ દિવસમાં રિપોર્ટ તૈયાર ન થયો હોવાથી વધુ સમયની માંગ કરવામાં આવી છે. ત્યારે હજુય કેટલાક લોકોનાં નિવેદન લેવાનાં બાકી હોવાનો હવાલો આપ્યો છે. તેમજ રિપોર્ટ તૈયાર કરવામાં વિલંબ થતા એસઆઈટી દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

રાજકોટ ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ કેસમાં સન્સલ્ટન્ટે એસઆઈટી સમક્ષ ધડાકો કર્યો છે. એનઓસી બાબતે અરજી વખતે ફાયર સેફ્ટીનાં ક્યાં ક્યાં સાધનો વસાવવા પડે તેનું ચેક લિસ્ટ આપ્યું હતું. જે બાદ ટીઆરપી ગેમ ઝોનનાં માલિકોએ કહ્યું હતું કે આ તો બહુ મોંઘું પડે કહી ફાયર સેફ્ટીનાં સાધનો વસાવ્યા ન હતો. તેમજ સંચાલકોએ પૈસા વધુ ખર્ચવાનું ટાળી ફાયર સેફ્ટીનાં સાધનો લેવાનું ટાળ્યું હતું.રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ મામલે ફાયર એનઓસી માટે કડક વલણ અપનાવ્યું છે. જેમાં મનપાનાં નિર્ણય સામે ચેમ્બર ઓફ કોમર્સ મેદાનમાં આવ્યું છે. વેપારીને એનઓસી મામલે હેરાન કરવા ચેમ્બરે મનપાને કહ્યું છે. તેમજ ફાયર એનઓસી માટે ખોટી રીતે વેપારીઓને હેરાન ન કરવા રજૂઆત કરી છે.

# આપની આજ.......

મેષ: તમે પારિવારિક જીવન અને વિવાહિત જીવનમાં આનંદ અને શાંતિનો અનુભવ કરશો. પરિવારના સભ્યો અને નજીકના મિત્રો સાથે શ્રેષ્ઠ સ્થળે પ્રવાસની યોજના બનાવો અને સ્વાદિષ્ટ ભોજન લેવાની તક મળશે.

વૃષભ: આજે તમારું ધ્યાન અનિયંત્રિત બાબતો પર વધુ રહેશે. અન્ય લોકો ત્રાસ આપતા આનંદ લેશે પણ કોઈની નારાજગી પછી પરિસ્થિતિથી અજાણ રહેશે. પ્રકૃતિમાં ચંચળતા રહેશે અને દરેકની પાસેથી તમારી સાથે નમ્રતાથી વર્તન કરવામાં આવશે. કોર્ટ કેસમાં ચૂકાદો તમારા પક્ષમાં આવી શકે છે.

મિથુન: સમાજના વરિષ્ઠ લોકોના અણધાર્યા સહયોગથી મન ઉત્સાહિત થશે. ઘરેલું કામ હલ કરવામાં થોડો સમય વિતાવશે. ખર્ચને કાબૂમાં રાખવા માટે તમામ પ્રયત્નો કરો તેમ છતાં પરિવારની ખુશી માટે થોડોક ખર્ચ કરવો પડી શકે છે. ઘરવાળાના જીવનમાં સુધાર લાવવા માટે કેટલુક કામ કરવું પડી શકે છે.

કર્ક: તમને ક્ષેત્રમાં થોડી સમસ્યાઓનો અનુભવ થઈ શકે છે, પરંતુ સમયની સાથે સમસ્યાઓ પણ સમાપ્ત થઈ જશે. એક સાથે અનેક કાર્યો કરવાથી માનસિક તાણ થઈ શકે છે.

સિંહ: આજનો દિવસ કારકિર્દી અને પરિવારના સભ્યો પર વધુ કેન્દ્રિત રહેશે. નોકરીમાં ધંધો કરનારાઓને સારા કામનું વળતર મળી શકે છે. ઘરનું વાતાવરણ શાંત રહેશે અને આ બધુ તમારું માનસિક તાણ ઘટાડશે.

કન્યા: વ્યવસાયિક દૃષ્ટિકોણથી સમય સારો છે અને તમારી કાર્યશૈલીની પણ પ્રશંસા કરવામાં આવશે. લાંબા સમય પછી અંગત જીવન વિશે વિચાર કરશો. ભારે વ્યસ્તતાને કારણે લવ લાઈફમાં થોડું અંતર હોઈ શકે છે, પરંતુ વાતચીત દ્વારા બધું બરાબર રહેશે.

તુલા: આજે બહાર ચાલવું અને મનોરંજન તરફ ધ્યાનને મહત્વ આપશો નહીં. બપોરે પૈસાના આગમનથી તમે અન્ય દિવસો કરતા ખુશ થશો. પરિવાર સાથે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો અને સામાજિક અંતરના નિયમોનું સંપૂર્ણ પાલન કરો.

વૃશ્ચિક: આ દિવસે તમારા મોટાભાગનાં કાર્યો સરળતાથી પૂર્ણ થશે, જેથી તમે ખુશ રહેશો. કૌટુંબિક સંપત્તિ મેળવવાની પ્રબળ સંભાવના છે. પરિવાર સાથે તમારા સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખો અને સલામતી સાથે ઘરની બહાર નીકળો. જીવનસાથી સાથે ઉત્તમ સમય પસાર થશે.

ધન: ધાર્મિક કાર્યોમાં થતા ખર્ચ તમારી પ્રસિદ્ધિમાં વધારો કરશે. જો કે આરોગ્યને લગતા કેટલાક મહત્વપૂર્ણ પગલા ભરવા જરૂરી છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે કોઈ સારા સમાચાર મળશે.

મકર: વિદ્યાર્થીઓ ઈચ્છિત ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનો માર્ગ મોકળો થશે. આજે જીવનમાં રચનાત્મક કાર્યને બદલે પ્રેમ, રોમાંસ અને ભાગ્યને વધુ મહત્વ આપવામાં આવશે. નવું કાર્ય શરૂ કરવા માટે પરિવારનો સહયોગ મળશે.

કુંભ: આ દિવસે કામકાજની બાબતો સિવાય તમારું ધ્યાન આનંદમાં રહેશે નહીં તો તમને એકાંતમાં રહેવું ગમશે. મનમાં સંતોષ જોવા મળશે, પરંતુ અંદરથી કોઈ ચોક્કસ કાર્ય માટે ચિંતા રહેશે.

મીન: દિવસની શરૂઆત ચિંતા અને ઉત્તેજનાથી થશે. આ સાથે આરોગ્યની ફરિયાદો પણ થશે. ભાવનાઓમાં ડૂબીને કોઈને પણ તમારા મન વિશે જણાવશો નહીં, નહીં તો ભવિષ્ય માટે સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

# જર્મની જળમગ્ન થયું ,પાંચ લોકોના મોત,હજારો લોકોને ખસેડાયા

બાવેરિયા,
જર્મનીમાં ભયંકર પૂર આવ્યું છે. જેના કારણે બાવરિયા વિસ્તાર પાણીમાં ડૂબી ગયો છે. અત્યાર સુધીમાં પાંચ લોકોના મોત થયા છે. હજારો લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. હવે ભારે વરસાદની કોઈ અપેક્ષા નથી. પરંતુ ડેન્યુબ નદી ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. દક્ષિણ જર્મનીના કેટલાક વિસ્તારોમાં આ સ્થિતિ છે.

જર્મનીના હવામાન વિભાગે કહ્યું છે કે હવે ભારે વરસાદની કોઈ શક્યતા નથી. તેથી, ધીમે ધીમે સમસ્યાઓનો અંત આવશે. પરંતુ વધતી નદી લોકો માટે જોખમી છે. તેથી લોકોને સુરક્ષિત રહેવા માટે કહેવામાં આવ્યું છે.જર્મનીના બે દક્ષિણ પ્રાંત બાવેરિયા અને બેડન-વેટેમબર્ગમાં સતત વરસાદ પડી રહ્યો હતો. જેના કારણે અનેક નદીઓ ઓવરફ્લો થઈ ગઈ હતી. નદીઓએ અનેક જગ્યાએ પાળા તોડી નાખ્યા હતા. શહેરો, નગરો અને ગામડાઓમાં પાણી ઘૂસી ગયા.પાણી પ્રવેશવા અને વરસાદ સંબંધિત અકસ્માતોને કારણે પાંચ લોકોના મોત થયા છે. જેમાં એક ફાયર ફાઈટર પણ સામેલ છે. એક ફાયર ફાઈટર પણ ગુમ છે. જ્યારે તે નદીમાં વહી ગયો ત્યારે તે લોકોને પૂરમાંથી બચાવી રહ્યો હતો.

બાવરિયાના ફ્લડ ઈન્ફોર્મેશન સેન્ટરે જણાવ્યું હતું કે નદીઓના પાણીના સ્તર ઊંચા હોવાને કારણે તણાવની સ્થિતિ છે. બીજી તરફ જર્મનીના હવામાન વિભાગ ઙ્ગઉઙ્ગએ પણ ભવિષ્યમાં હવામાન શુષ્ક રહેવાની આશા વ્યક્ત કરી છે. પાણીનું સ્તર ધીમે ધીમે ઘટશે.એટલું જ નહીં જર્મનીના મેગ્ડેબર્ગ, એર્ફર્ટ, ડ્રેસ્ડન, મેઈન્ઝ, સ્ટુટગાર્ટ, ઓગ્સબર્ગ, મ્યુનિક, ડ્યુસેલડોર્ફના વિસ્તારો ડૂબી ગયા છે. જેના કારણે જર્મન ટ્રેન ઓપરેટરોને અસર થઈ છે. લોકલ અને લાંબા અંતરની ટ્રેનો રદ કરવામાં આવી છે.ભારે વરસાદને કારણે રાઈન નદી પણ ફૂલી ગઈ છે. પશ્ચિમ જર્મનીનો આ મુખ્ય જળમાર્ગ છે. રાઈન વોટરવેઝ એન્ડ શિપિંગ ઓથોરિટીના પ્રવક્તાએ જણાવ્યું કે નદીનો મોટો વિસ્તાર બંધ કરી દેવામાં આવ્યો છે. હાલમાં જહાજો અને બોટની અવરજવર બંધ કરી દેવામાં આવી છે.ઓથોરિટીએ કહ્યું કે જ્યાં સુધી નદીનું જળસ્તર નહીં ઘટે. જહાજોનું સંચાલન રદ રહેશે. આ પૂરની અસર માત્ર જર્મની જ નહીં પરંતુ ઓસ્ટ્રિયા અને હંગેરીમાં પણ જોવા મળી રહી છે. ઓસ્ટ્રિયામાં ૩૫૦ કિલોમીટરનો વિસ્તાર બંધ કરી દેવામાં આવ્યો છે.જર્મન સરકારે કહ્યુંછે કેઅમે લોકોને બચાવવા અને સુરક્ષિત રાખવા માટે જરૂરી દરેક પગલાં લઈશું. દરેક પ્રકારની મદદ પૂરી પાડવી. પરંતુ હવે વરસાદનો આ કહેર પોલેન્ડ અને હંગેરીમાં જોવા મળી શકે છે.

# અમે છેલ્લા ૧૦ વર્ષમાં સારું કામ કર્યુ છે અને ભવિષ્યમાં પણ કરીશું,મોદી

નવીદિલ્હી,
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિને પોતાનું રાજીનામું સોંપી દીધું છે. આ પહેલા પોતાની છેલ્લી કેબિનેટ બેઠકમાં ચૂંટણી પરિણામો પર પીએમ મોદીએ કહ્યું હતું કે જીત અને હાર રાજનીતિનો એક ભાગ છે. નંબરોની રમત ચાલુ રહે છે. પીએમ મોદીએ મંત્રી પરિષદના સાથીદારોને એમ પણ કહ્યું કે અમે દસ વર્ષ સુધી સારું કામ કર્યુ છે અને ભવિષ્યમાં પણ કરીશું.ઁસ એ કહ્યું કે અમે દરેક જગ્યાએ સરકાર, સંગઠનો અને લોકોની અપેક્ષાઓ પર ખરા ઉતર્યા છીએ અને તેમના પર ખરા ઉતરવાનું ચાલુ રાખીશું. તમે બધાએ સારી રીતે કામ કર્યુ અને ખૂબ મહેનત કરી. આ દરમિયાન પીએમ મોદીએ હસીને બધાનું મનોબળ વધાર્યુ અને બધાનો આભાર માન્યો.

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામોમાં ભાજપ એકલા હાથે બહુમતી હાંસલ કરી શકી નથી. પરંતુ એનડીએ બહુમતનો આંકડો પાર કરી ગયો છે. આજે પરિણામ આવ્યા બાદ પટના, હૈદરાબાદથી લઈને દિલ્હી સુધી હલચલ વધુ તેજ થઈ ગઈ છે. દિલ્હીમાં બેઠકોનો પ્રવાસ ચાલુ છે. અંતિમ પરિણામમાં એનડીએને ૨૯૨ બેઠકો મળી છે જ્યારે ભારતને ૨૩૪ બેઠકો મળી છે. તે જ સમયે, ૧૭ બેઠકો અન્યના ખાતામાં ગઈ છે. જ્યારે ભાજપ અને કોંગ્રેસની વાત કરીએ તો સત્તાધારી પક્ષને ૨૪૦ અને કોંગ્રેસને ૯૯ બેઠકો મળી છે.

પરિણામો જાહેર થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાંજે ભાજપના મુખ્યાલયથી કાર્યકરોને સંબોધિત કર્યા હતા. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે જનતાએ ત્રીજી વખત એનડીએમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ભારતના ઈતિહાસમાં આ એક અભૂતપૂર્વ ક્ષણ છે. હું દેશવાસીઓને ખાતરી આપું છું કે અમે તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે નવી ઉર્જા, નવા ઉત્સાહ અને નવા સંકલ્પો સાથે આગળ વધીશું. તમામ કાર્યકર્તાઓએ સમર્પણ સાથે અથાક મહેનત કરી છે, આ માટે હું તેમને અભિનંદન આપું છું.

# કેટલાક લોકો પાસે આંકડા નથી અને તેઓ મુગેરીલાલના સપના જોઈ રહ્યા છે,શિંદે

નવીદિલ્હી,
દિલ્હી પહોંચ્યા પછી, મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેએ કહ્યું કે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર બનશે. તેમણે કહ્યું કે અમે પીએમ મોદીને સમર્થન આપવા માટે દિલ્હી આવ્યા છીએ. ભારત જોડાણ પર નિશાન સાધતા તેમણે કહ્યું કે કેટલાક લોકો પાસે આંકડા નથી અને તેઓ મુગેરીલાલના સપના જોઈ રહ્યા છે.

મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેએ કહ્યું, "અમને જરૂરી બહુમતી હાંસલ કરવામાં આવી છે." તેના કરતા સાંસદોની સંખ્યા ઘણી વધારે છે. પીએમ મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર બનવા જઈ રહી છે. જેમની પાસે બહુમતી નથી તેઓ સરકાર બનાવવાની વાત કરી રહ્યા છે, આ માત્ર એક સ્વપ્ન છે. તેમણે ૧૦ વર્ષમાં વિકાસના ઘણા કામો કર્યા છે. દેશને ઉંચાઈએ લઈ ગયો.

એકનાથ શિંદેએ વધુમાં કહ્યું કે, મોદી પાસે દેશના વિકાસનો એજન્ડા હતો. વિપક્ષનો એક જ એજન્ડા હતો: મોદીને હટાવો. ભારત ગઠબંધનનું એકમાત્ર લક્ષ્ય પીએમ મોદીને હરાવવાનું હતું પરંતુ લોકોએ તેમને રોકી દીધા. કેટલાક લોકો કહેતા હતા કે પીએમ મોદીને હાંકી કાઢવા જોઈએ, પરંતુ દેશની જનતાએ વિપક્ષી પાર્ટીઓને સત્તા પરથી રોકીને હકાલપટ્ટી કરી છે.

સીએમ એકનાથ શિંદેએ કહ્યું હતું કે એનડીએને સ્પષ્ટ બહુમતી મળી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રીજી વખત દેશના વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. તેમણે વધુમાં આશ્વાસન આપ્યું કે, એનડીએનો ઘટક પક્ષ હોવાના નાતે શિવસેના હંમેશા અમારી સાથે છે. છેલ્લા ૧૦ વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ વિકાસના પંથે આગળ વધી રહ્યો છે. મને વિશ્વાસ છે કે વિકાસની આ ગતિ આગામી પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે.

મહારાષ્ટ્રમાં લોકસભાની કુલ ૪૮ બેઠકો છે. મંગળવારે એટલે કે ૪ જૂને આવેલા ચૂંટણી પરિણામોમાં સત્તાધારી મહાયુતિને જોરદાર ફટકો પડ્યો છે. ચૂંટણી પરિણામોમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિને માત્ર ૧૭ બેઠકો મળી છે. તે જ સમયે, કોંગ્રેસની આગેવાની હેઠળની મહાવિકાસ અઘાડીએ ૩૦ બેઠકો જીતી છે. એક પર અપક્ષ ઉમેદવારોનો વિજય થયો હતો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ રેલ્વે સ્ટેશનમાં પોલીસ દ્વારા સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધર્યું



દાહોદ,

દાહોદના રેલ્વે સ્ટેશન ખાતે રેલ્વે પોલીસ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરાઈ ધરવામાં આવ્યું હતું. જેમાં રેલ્વે સ્ટેશને આવતાં જતાં મુસાફરોના સરસામાનની તલાસી હાથ ધરવામાં આવી હતી.

આજરોજ તા.૦૫.૦૬. ૨૦૨૪ બુધવાર ૧૦ કલાકે વાત કરીએતો દાહોદના રેલ્વે સ્ટેશન પર બીડીડીએસક્યૂચાટી દાહોદ રેલ્વે રાજકીય પોલીસ અને આરપીએફ પોલીસ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગની કામગીરી કરવામાં આવી. જેમાં દાહોદ રેલ્વે સ્ટેશન પર આવતી જતી ટ્રેનોમાં મુસાફરોનો સર સમાનની ચેકિંગ કરાઈ અને રેલ્વે સ્ટેશન પર આવતા અને જતા મુસાફરોના સામાનની ચેકીંગ સાથે સાથે દાહોદ રેલ્વે સ્ટેશન પર તમામ વસ્તુંઓની ચેકીંગ કરવામાં આવી હતી. દાહોદ રેલ્વે સ્ટેશનના પાર્સલ અને કાર મોટરસાઈકલ પાર્કિંગ પર અચાનકજ રેલ્વે પોલીસ દ્વારા ચેકિંગની કામગીરી કરાતા ચર્ચાનો વિષય બન્યો હતો.

# દે.બારીયા શહેરના કસ્બા વિસ્તારમાં લો-વોલ્ટેજના કારણે વિજ ઉપકરણો ખોટખાય તેવી સંભાવના વધી છે ???

દે.બારીયા,

દે.બારીયા શહેરના કસ્બા, જાની ફળીયા તેમજ ઠાકોરવાડા વિસ્તારમાં લો–વોલ્ટેજની સમસ્યા હલ ક્યારે અને કોણ કરશે તે યક્ષ પ્રશ્ન છે.

પ્રાપ્ત માહિતી અનુસાર એમ.જી.વી.સી.એલ.ની બેદરકારી સાથે સાથે જે એજન્સીએ નવું ટાન્સફર્મર એજન્સી કાર્ય કરવામાં કેમ વિલંબ કરી રહી છે. જે સમય મર્યાદામાં કાર્યના કરતી હોય તો તે એજન્સી અથવા નવિન ડીપી નાખવાનું કાર્ય કાર્યપાલક ઈજનેર હસ્તક હોય છે. ચોમાસું માથે છે પ્રિમોન્સુનના કાર્યો ૧૫ જુન પહેલા સમાપ્ત કરવાના હોય છે. તેમ છતાં નવિન ડીપી નાખવાની છે એ પણ બે મંગળવાર મેન્ટનન્સ કાર્ય વિતવા આવ્યા તેમ છતાં નવા ઠાકોરવાડા તેમજ કસ્બા વિસ્તારમાં લો–વોલ્ટેજની સમસ્યા હલ કરવામાં આવતી નથી. એમ.જી.વી.સી.એલ.ના કોન્ટ્રાકટર ચોમાસા આવ્યા બાદ મૌનસુન અંગેની કામગીરી હાથ ધરશે તે મોટો સવાલ છે. પંચમહાલ સમાચારના પ્રતિદિનની આ સમસ્યા અંગે મૌખિક રજુઆત કરવા ગયા તો કોન્ટ્રાક્ટરને નવિન ડીપી નાખવા માટે કહેવામાં આવ્યું છે. એમ.જી.વી.સી.એલ. નવિન ડીપી લાવીને આપશે હોવાના કારણે આ વિસ્તારના ઘરોમાં પાણી પ્રેશરથી પુરવઠો મળતો નથી. જેથી એક વિસ્તાર પુરતો પાણીનો વાલ્વ એક કલાકના સમય પુરતો ખોલવામાં આવશે તો આ વિસ્તારના ઘરોમાં પ્રેશરથી પાણી મળે તેવી તજવીજ હાથ ધરવામાં આવે તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે.

# હસ્તકલા સેતુ યોજના અંતર્ગત દાહોદ ખાતે એક દિવસે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું



ગરબાડા,

હસ્તકલા સેતુ યોજના અંતર્ગત દાહોદ ખાતે GI રજીસ્ટ્રેશન, કલસ્ટર ડેવલપમેન્ટ તેમજ સહકારી મંડળીના વિકાસ વિશેના એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જે કાર્યક્રમમા જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર માંથી કે.આર. લખતરીયા નાબાર્ડ DDM, EDIIથી બ્રિજેશ પટેલ સિનિયર મેનેજર હેતલ પાઠક, મીનલ મકવાણા, ઈન્દ્રવદન ચાવડા. તેમજ જીલ્લા માંથી મહેશચંદ્ર રાજપૂત, બારીઆ નવીનકુમાર તથા એલ્વિન ક્રિશ્ચિયન હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હસ્તકલા સાથે જોડાયેલા કારીગરોને આગળ વધારવા માટે GI વિશેનું મહત્વ, તેમજ કો. ઓપરેટીવને લગતી વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ તા.૩૧/૦૫/૨૦૨૪ના રોજ સુચારૂ રીતે સંપન્ન થયો હતો અને દાહોદ જીલ્લામાં હસ્તકલા સાથે સંકળાયેલા કારીગર મિત્રોએ ભાગ લીધો હતો.

# દાહોદ નાના ડબગરવાસમાં મોટર સાઈકલ ચોરીનો પ્રયાસ નિષ્ફળ મોટર સાઈકલ ચોરોની વિડીયો સોસીયલ મીડિયામાં વાયરલ



દાહોદ,

આજરોજ તા ૫.૬.૨૦૨૪ બુધવાર બે કલ્લાકે વાત કરીયેતો દાહોદ શહેરના નાના ડબગર વાસમાં રહેતા ઈકબાલ ભાઈ શામદ જેમણે ગઈ તા ૪.૬.૨૦૨૪ મંગળવારના રોજ સાંજના ૧૦ કલ્લાકની આસપાસ પોતાની બુલેટ મોટર સાઈકલને લોક મારી ઘરના આંગણામાં મૂકી ઘરમાં જતા રહ્યા હતા. ત્યારે રાત્રીના ૩ કલ્લાકની આસપાસ બે જેટલાં મોટર સાઈકલ ચોર યુવકો ઘરના આગણામાં પાર્ક કરેલી બુલેટ મોટર સાઈકલનું લોક તોડવાનું પ્રયાસ કરી રહ્યા હતા. ત્યારે ત્યારે રાત્રીના ત્રણ કલ્લાકની આસપાસ વિસ્તારમાં હલચલ હોવાનું ચોર યુવકોને જણાઈ આવતા બન્ને યુવકો મોટર સાઈકલ ચોરી કર્યા વગરજ સ્થળ પરથી ફરાર થયા હતા. ત્યારે ઘરની બહાર લાગેલ ઈઈઝટ કેમેરા ચેક કરતા બે યુવકો બુલેટ મોટર સાઈકલનું લોક તોડી મોટર સાઈકલ ચોરીનું પ્રયાસ કરી રહ્યા હોવાનું મોટર સાઈકલ માલિક ઈકબાલભાઈ શામદને જણાવી આવતા CCTV કેમેરાના આધારે દાહોદ એ ડિવિઝન પોલીસ મથકે મોટર સાઈકલ ચોરી કરવાનું પ્રયાસ કરતા બે યુવકો સામે ફરિયાદ કરી હોવાનું જાણવા મળેલ છે.

# ફતેપુરા તાલુકાની આંગણવાડી કેન્દ્રોમાં ફરજ બજાવી નિવૃત્ત થયેલી બહેનોને ૧૫ વર્ષ બાદ પેન્શન માટે વલખા

ફતેપુરા,

ફતેપુરામાં ચાઈલ્ડ ડેવલપમેન્ટ પ્રોજેકટ ઓફિસનો વહીવટ વર્ષોથી કથળતો જઈ રહ્યો છે. જેના લીધે સરકારના આયોજન મુજબ તાલુકાના આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને મળવુ જોઈતુ શિક્ષણ અને પૌષ્ટિક આહારનો અભાવ જોવા મળે છે. કેટલીક આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી સંચાલકની વર્ષોથી જગ્યા ખાલી હોય આંગણવાડી તેડાગર તરીકે ફરજ બજાવતી કર્મચારી પાસે સંચાલિકાની ફરજ બજાવાઈ રહી છે.

કેટલીક આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી તેડાગરની જગ્યા પણ ખાલી હોય ભરવામાં આવતી નથી. જેમાંય ખાસ કરી વર્ષો અગાઉ આંગણવાડી કેન્દ્રમાં ફરજ બજાવી નિવૃત્ત થયેલ નિવૃત્ત વૃદ્ધાઓ વર્ષો વિતવા છતાં પેન્શન માટે વલખા મારતી હોવાનુ પણ જાણવા મળે છે. ફતેપુરા તાલુકા સીડીપીઓ કચેરીઓ વહીવટ સુધારવાની ખાસ જરૂરત હોય તેમ જણાય છે.

ફતેપુરા તાલુકા સીડીપીઓ કચેરી દ્વારા તાલુકાની આંગણવાડી કેન્દ્રોમાં વર્ષો અગાઉ ફરજ બજાવી નિવૃત્ત થયેલી ૪૦ જેટલી આંગણવાડી કર્મારીઓ બહેનો દ્વારા નિવૃત્ત થયા બાદ જે તે સમયે પેન્શન માટે જોઈતા તમામ ડોકયુમેન્ટ ફતેપુરા સીડીપીઓ કચેરીમાં આપ્યા બાદ પેન્શન મંજુર નહિ થતાં બીજી વાર ડોકયુમેન્ટની માંગણી કરતા તેની પણ પુર્તતા કર્યા પછી અને ત્યારબાદ આજદિન સુધી ૧૦ થી ૧૫ વર્ષ જેટલો સમય વિતવા છતાં પેન્શન મંજુર નહિ થતાં હાલ આંગણવાડીની નિવૃત્ત વૃદ્ધ મહિલાઓ ફતેપુરા કચેરીના ધકકા ખાઈ પેન્શન માટે વલખા મારી રહી છે. કચેરીના જવાબદારોને પુછતા તમારા ડોકયુમેન્ટની પુર્તતા કરો તેવા ઉડાઉ જવાબો આપી તેમજ નિવૃત્તિ બાદ પેન્શન મંજુર થયેલ નથી તેવા નિવૃત્ત બહેનોને યોગ્ય ન્યાય મળે તે બાબતે અમોએ ઉપલીકક્ષાએ જાણ કરેલી હોવાના જવાબો આપતા હોય નિવૃત્ત બહેનોને વર્ષો પછી પણ ન્યાય નહિ આપી અન્યાય કરી રહ્યા છે. જોકે આંગણવાડી કેન્દ્રમાં ફરજ બજાવી નિવૃત્ત થયેલી કેટલીક બહેનો હાલ વૃદ્ધ અને વિધવા છે. તેમજ કેટલીક બહેનો પોતાને મળવાપાત્ર પેન્શન મેળવતા પહેલા હાલ હયાત છે કે કેમ ? તે પણ એક પ્રશ્ન છે.

# ગોધરા તાલુકાના વેલવડ ગામે રોડ ઉપર આઈસર ટેમ્પોએ બાઈક ચાલકને અડફેટે લઈ ઈજાઓ પહોંચાડતા સારવાર દરમિયાન મોત

ગોધરા,

ગોધરા તાલુકાના વેલવડ ગામે રોડ ઉપરથી બાઈક ઉપર પસાર થતાં પર વર્ષિય વ્યકિતને આયસર ટેમ્પો ચાલકે અડફેટમાં લઈ અકસ્માત કરતા ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર દરમિયાન મોત નીપજયું હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના વેલવડ ગામે રહેતા અભેસિંહ મ ણ ી લ ા લ પરમાર(ઉ.વ.પર)પોતાની મોટરસાયકલ લઈને વેલવડ ગામ પાસે આવતા હતા ત્યારે આયસર ટેમ્પો નં.–એમ.પી.–૧૩–જીબી–૬૧૭૧ના ચાલકે પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવીને બાઈકને અડફેટમાં લઈ અકસ્માત સર્જયો હતો. આ અકસ્માતમાં અભેસિંહ પરમારને માથાના પાછળના ભાગે તેમજ બરડામાં તથા શરીરે ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન મોત નીપજયું હતુ. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# ઝાલોદના વેલપુરાના યુવકને સાસરીમાંથી ઘરે જતી વખતે રામપુરા નજીક બાઈક સ્લિપ ખાતા મોત

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના વેલપુરા ગામનો સુનીલભાઈ હિરાભાઈ ભગોરા તેની સાસરીમાંથી રામપુરા ગામે લગ્ન પ્રસંગ પતાવી તેના કુટુંબી સાળા સંજયભાઈ કલસીંગભાઈ ગરાસિયા એમ બંને જણા ઘરે પરત જતી વેળા ચાકલીયા વિસ્તારના રામપુરા ગામે રોડ ઉપરથી સુનીલે બાઈકના સ્ટિયરીંગ પરથી કાબુ ગુમાવતા સ્લિપ ખાઈ ગઈ હતી. જેમાં સુનીલને ગંભીર ઈજાઓ તથા તેના કુટુંબી સાળા સંજયને શરીરે સામાન્ય ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્ત બંનેને ૧૦૮ દ્વારા ઝાલોદ સરકારી દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સુનીલને વધુ ઈજાઓ હોય દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં સારવાર દરમિયાન સુનીલનુ મોત નીપજયું હતુ. બંનેના પરિવારજનો હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા. તેમજ ચાકલીયા ગામના સુરમલભાઈ રાયસીંગભાઈ કટારા અને કનુભાઈ કાળુભાઈ ડામોર બાઈક લઈને જઈ રહ્યા હતા. તે દરમિયાન ટવેરા કારના ચાલકે ટકકર મારતા બાઈક ચાલક કનુભાઈને બંને પગે ઈજાઓ તેમજ પાછળ બેઠેલ રાયસિંગભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોય ટવેરા ગાડી સ્થળ પર મુકી નાસી ગયો હતો. ચાકલીયા પોલીસે બંને અકસ્માત સંદર્ભે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દે.બારીઆના કેલીયા ગામની મહિલાએ આંગણવાડીમાં તેડાગર તરીકે નોકરી મેળવવા ખોટા સર્ટી સાથે કોર્ટમાં જનાર મહિલા સામે ફરિયાદ

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના કેલીયા ગામની રેખાબેન પંકજભાઈ પટેલે દે.બારીઆ ઘટક–૩ હસ્તકના આંગણવાડી કેન્દ્ર કેલિયા મોટામાં આંગણવાડી તેડાગરની એક જગ્યાની ઓનલાઈન ભરતીમાં જનરલ જાતિમાં ફોર્મ ભરેલ હતુ. જેમાં તે કુલ ૫૩.૫૩ સ્કોર સાથે બીજા ક્રમે હતો. જેથી રેખાબેન પંકજભાઈ પટેલે દાહોદ જિલ્લાની અપીલ સમિતિ સમક્ષ રેખાબેન અભેસિંગ રાઠવાનો અનુસુચિત જન જાતિનો દાખલો રજુ કરી તેને માન્ય રાખવા અરજી કરી હતી. જે બાદ નિયમો અનુસાર તેઓની અપીલ અમાન્ય રખાઈ હતી. બાદ રેખાબેન પંકજભાઈ પટેલે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં.–૪૮૯/ ૨૦૨૪થી નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ ખાતે કેસ દાખલ કરી રેખાબેન પંકજભાઈ પટેલે રેખાબેન અભેસિંગભાઈ રાઠવા(રહે.રૂવાબારી, તા.દે.બારીઆ)નામનો દાખલો નં.–૫૯૨૦તા.૩૦ ઓગસ્ટ ૨૦૧૦નો અનુસુચિત જનજાતિનો દાખલો રજુ કરતા દાહોદ મદદનીશ કમિ.આદિજાતી વિકાસ દ્વારા રજીસ્ટર પર તપાસમાં રેખાબેન અભેસિંગભાઈ રાઠવાના અનુસુચિત જન જાતિનો દાખલો નં.–૫૯૨૦ તા.૩૦ ઓગસ્ટ ૨૦૧૦ની વિગતો તેમની કચેરીના રેકર્ડ પર નોંધાયેલ ન હતી. અનુસુચિત જનજાતિનો દાખલો નં.–૫૯૨૦ તા.૨૧ જુન ૨૦૧૦માં ઝાલોદના મીરાખેડીના વસૈયા જયદિપકુમાર દિનેશકુમારનુ નામ નીકળ્યુ હતુ. જેથી રેખાબેન પંકજભાઈ પટેલે સરકાર સાથે ઠગાઈ કરવાના હેતુથી ગુનાહિત કાવતરૂ રચી ખોટા અને બનાવટી જાતિના દાખલાને સારૂ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજુ કરતા રેખાબેનનને ગુનેગાર ઠેરવતા દે.બારીઆ તાલુકા પંચાયતના આઈસીડીએસ શાખામાં સીડીપીઓ તરીકે ફરજ બજાવતા એમી જોસેફ પરમારે રેખાબેન પંકજભાઈ પટેલ સામે દે.બારીઆ પોલીસમાં વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# વિશ્વ પર્યાવરણ દિવસે શહેરા પશુ દવાખાના ખાતે વિવિધ છોડોનું વૃક્ષારોપણ કર્યુ





શહેરા,

પંચમહાલ જીલ્લામાં વિશ્વ પર્યાવરણ દિનની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે શહેરા પશુ દવાખાના ખાતે વન વિભાગ, પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય, પોલીસ વિભાગ, પશુ દવાખાના સ્ટાફ, નગરપાલિકા સ્ટાફ તેમજ તાલુકાના અગ્રણીઓના હસ્તે વિવિધ છોડોનું વૃક્ષારોપણ કરીને દરેક વ્યકિતને એક વૃક્ષ વાવવા માટે અપીલ કરી હતી.

પંચમહાલ જીલ્લામાં વિશ્વ પર્યાવરણ દિનની અલગ અલગ સ્થળો ખાતે ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે શહેરા પશુ દવાખાના ખાતે રેન્જ ફોરેસ્ટ ઓફિસ અને નોર્મલ વિસ્તરણ રેન્જ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા, તાલુકા ભાજપ અગ્રણી હાજાભાઈ ચારણ, પોલીસ ઈન્સ્પેકટર રાહુલ રાજપુત આર.એફ.ઓ. રોહિત પટેલ, અમિત ચૌધરી તેમજ પાલિકા પ્રમુખ રચનાબેન શાહ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયના રતન દીદી, જયા દીદી સહિત પશુ ડોકટર એ.બી.કાનાની તેમજ વન વિભાગ, પોલીસ વિભાગના સ્ટાફ ના હસ્તે આબો, લીમડો, જાંબુ, જામફળ, મહુડો , બદામ સહિતના છોડોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ. આગામી ચોમાસા દરમિયાન તાલુકા પંથકમાં વન વિભાગ દ્વારા અલગ અલગ સ્થળો પર હજારોની સંખ્યામાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે.વનવિભાગના આર.એફ. ઓ. રોહિત પટેલ અને અમિત ચૌધરી દ્વારા દરેક વ્યકિતને ઓકિસજન આપે અને આયુર્વેદિક વૃક્ષો દસ જેટલા વાવવા માટે અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે કે, આ વખતે ઉનાળામાં ગરમીનું પ્રમાણ બહુ જ હોવાથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠયા હોય ત્યારે જીલ્લા વન વિભાગ દ્વારા વૃક્ષોનું નિકંદન થતું અટકાવવા માટે ના પ્રયાસો કરવામાં આવા સાથે વધુ વૃક્ષો નું વાવેતર કરવા માટે વિચારવુ જોઈએ તેમજ માલિકીના ખેતરમાં હોય કે અન્ય જગ્યા પર વૃક્ષોને કાપવા માટેની મંજૂરી નહીં આપવામાં આવીને પર્યાવરણ બચાવો તેઓ સંદેશો લોકો સુધી પહોંચાડવો જોઈએ તે પણ જરૂરી છે. તાલુકા પંથકમાં વનવિભાગ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની જનજાગૃતિ ના સંદેશા સાથે ઉજવણી કરવામાં આવી હતી. તેમજ જીલ્લામાં એકમાત્ર શહેરા વન વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલ દ્વારા લાકડા ચોરો સામે કડક કાર્યવાહી કરીને મહિનામાં પાંચ કરતાં વધુ વાહનો પણ ઝડપી પાડતા લાકડા ચોરોમાં ફફડાટ પણ ફેલાયો હતો.

# લોકસભા ચૂંટણીના પરિણામો બાદ અમેરિકાએ ભારતીયોને અભિનંદન આપ્યા



વોશિંગ્ટન,

લોકસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે અને દેશમાં ફરી એકવાર ભાજપની આગેવાની હેઠળ એનડીએની સરકાર બનવા જઈ રહી છે. મંગળવારે જાહેર થયેલા વલણો અનુસાર, ભારતનું ગઠબંધન પણ બહુમતથી દૂર નથી. લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ અમેરિકાએ પ્રતિક્રિયા આપી છે. અમેરિકાએ લોકસભા ચૂંટણીમાં સફળતાપૂર્વક ભાગ લેવા અને તેનો અંત લાવવા બદલ ભારત સરકારની પ્રશંસા કરી હતી. આ સમયગાળા દરમિયાન, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે પણ વિદેશી શક્તિઓ દ્વારા દખલ કરવાના આરોપોને નકારી કાઢ્યા હતા. તમને જણાવી દઈએ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ત્રીજી વખત સરકાર બનાવવા માટે તૈયાર છે. ત્રણ હિન્દીભાષી રાજ્યોમાં ભાજપને સંઘર્ષ કરવો પડ્યો હોવા છતાં આખરે ભાજપની આગેવાની હેઠળના એનડીએને બહુમતી મળી.

ચૂંટણી પંચે ૫૪૩ લોકસભા બેઠકોના પરિણામો જાહેર કર્યા, જેમાં ભાજપને ૨૪૦ અને કોંગ્રેસને ૯૯ બેઠકો મળી છે. પરિણામો જાહેર થયા બાદ યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે ભારત સરકારની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું, "અમે યુનાઈટેડ સ્ટેટ્સ વતી આ લોકસભા ચૂંટણીમાં સફળતાપૂર્વક ભાગ લેવા અને સમાપ્ત કરવા માટે ભારત સરકાર અને મતદારોનો આભાર માનીએ છીએ. અમે અંતિમ પરિણામો જોવા માટે આતુર છીએ."

લોકસભાની ચૂંટણી અંગેના એક પ્રશ્નના જવાબમાં મિલરે કહ્યું કે, "હું આ ચૂંટણીમાં વિજેતાઓ અને હારનારાઓ વિશે ટિપ્પણી કરવાનો નથી, જેમ કે ઘણી વાર અમારા કેસોમાં થાય છે. અમારા માટે શું મહત્વનું છે અને ભૂતકાળમાં શું થયું છે. "અમે છ અઠવાડિયામાં જે જોયું તે લોકશાહીના ઈતિહાસની સૌથી મોટી કવાયત છે કારણ કે ભારતના લોકો મતદાન કરવા આવ્યા હતા."

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાએ યુએસ સહિત પશ્ચિમી દેશો દ્વારા ભારતીય ચૂંટણીઓમાં બહારના પ્રભાવના અહેવાલોને પણ રદિયો આપ્યો હતો. તેમણે કહ્યું, "અમે હંમેશા અમારા મંતવ્યો સ્પષ્ટપણે વ્યક્ત કરીશું. અમે વિદેશી સરકારો સાથે ખાનગી રીતે અમારા મંતવ્યો શેર કરીએ છીએ. જ્યારે અમારી પાસે એવી બાબતો હોય છે જેના વિશે અમને ચિંતા હોય, ત્યારે અમે તેને જાહેરમાં શેર કરીએ છીએ. વ્યક્ત કરો. મેં પણ તે જ કર્યું." મિલરે કહ્યું કે તેઓ ઈચ્છે છે કે ભારત અને અમેરિકા વચ્ચેની ભાગીદારી ચાલુ રહે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.242

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# શહેરા ધારાસભ્ય અને નાફેડના ચેરમેન જેઠા ભરવાડની ફેસબુક ફેક આઈ.ડી. બનાવતા પોલીસ ફરિયાદ

શહેરા,

શહેરાના ધારાસભ્ય અને નાફેડના ચેરમેન જેઠા ભરવાડની ફેસબુકની ફેક આઈ.ડી. બનાવાઈ હોવાનું સામે આવતા પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે ગુનો નોંધીને ફેસબુકની ફેક આઈ.ડી. બનાવનારને ઝડપી પાડવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરા ધારાસભ્ય અને વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તેમજ નાફેડના ચેરમેન જેઠાભાઈ ભરવાડનું ગુજરાત રાજ્ય તેમજ અન્ય રાજ્યોમાં પણ એક મોટું નામ હોવા સાથે ભાજપ નેતા તરીકે પણ લોકો તેમને ઓળખતા હોય છે. જ્યારે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડની ફેસબુક ની ફેક આઈ.ડી કોઈ ઈસમ દ્વારા બનાવવામાં આવી હોવાનું સામે આવતા પોલીસ સ્ટેશન ખાતે વત્સલ શાહ દ્વારા આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ઈન્ફર્મેશન ટેકનોલોજી સુધારા એક્ટ ૨૦૦૮ની કલમો હેઠળ ગુનો નોધી તપાસના ચક્રોગતિમાન કર્યા હતા. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની ઓરીજનલ ફેસબુક આઈ.ડી નો કવર અને પ્રોફાઈલ ફોટો ની સેમ કોપી કરીને તેવી જ રીતે ખોટી ફેસબુક આઈ.ડી. પર અપલોડ કરીને ગેરકાયદેસર રીતે ઉપયોગ કરનાર સામે પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાઈ ચૂકી હોય પરંતુ જેઠાભાઈ ભરવાડની છબી ખરાબ કરવાના ઈરાદે ખોટી ફેશબુક આઈ.ડી. બનાવામાં તો નહીં આવી હોય કે શું ? હાલ તો




પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપુત દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને તપાસના ચક્રો ગતિમાન કરવા સાથે ફેસબુક પાસેથી ખોટી આઈ.ડી. કોને બનાવી તેની સંપૂર્ણ વિગત મંગાવામાં આવશે, તેમજ આરોપી સુધી પોલીસ પહોંચી શકે તે દિશા તરફ પોલીસે તપાસ શરૂ કરી દીધી હતી. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની ફેસબુકની ફેક આઈ.ડી. બનાવામાં આવી હોવાની વાત વાયુવેગે પ્રસરી જતા રાજકીય ક્ષેત્રે તેમજ તાલુકા પંથકમાં ભારે ચર્ચાનો મુદ્દો લોકોમાં બની જવા પામ્યો હોવા સાથે પોલીસ દ્વારા ખોટી ફેશબુક આઈ.ડી. બનાવનાર સુધી પોલીસ ક્યારે પહોંચી શકશે તેના પર સૌની મીટ મંડાઈ હતી.

# ગોધરા સરકારી સિવિલ હોસ્પિટલમાં રેડિયોલોજીસ્ટ એક સપ્તાહની રજા ઉપરના દર્દીઓને સોનોગ્રાફિ માટે હાલાકી



**-સિવિલ હોસ્પિટલના સત્તાધિશો દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા માટે દર્દીઓ માંથી માંગ ઉઠી.**
**- સોનોગ્રાફિ માટે નાણાં ખર્ચી ખાનગી તબીબ પાસે જવા મજબુર.**

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરામાં આવેલ સિવિલ હોસ્પિટલમાં જીલ્લા અને મહિસાગર જીલ્લાના મોટી સંખ્યામાં સારવાર માટે આવતા હોય છે. સિવિલ હોસ્પિટલના રેડિયોલોજીસ્ટ એક સપ્તાહની રજા ઉપર ચાલ્યા ગયેલ હોય જેને લઈ સરકારી હોસ્પિટલમાં સોનોગ્રાફી માટે આવતાં દર્દીઓને પરત ફરવું પડે છે અને ખાનગી તબીબો પાસે નાણાં ખર્ચવા માટે મજબુર બન્યા છે. ત્યારે સત્તાધીશો દ્વારા અન્ય વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી છે.

ગોધરા ખાતે આવેલ સરકારી સિવિલ હોસ્પિટલ પંચમહાલ જીલ્લા તેમજ મહિસાગર જીલ્લાના દર્દીઓ મોટી સંખ્યામાં સારવાર માટે આવતા હોય છે. દર્દીઓને યોગ્ય સારવાર મળે તે આશા સાથે ગોધરા ગોધરા સિવિલમાં આવતા હોય છે પરંતુ સિવિલ હોસ્પિટલમાં રેડિયોલોજીસ્ટ તબીબ છેલ્લા એક સપ્તાહથી રજા ઉપર ઉતરી ગયેલ છે. જેને લઈ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયેલ દર્દીઓને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયેલ દર્દીઓ સોનોગ્રાફી માટે ખાનગી તબીબને નાણાં ખર્ચીને જવા મજબુર બન્યા છે. સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયેલ અને જે દર્દીઓ સોનોગ્રાફીની જરૂરીયાત હોય તેવા દર્દીઓ સિવિલ હોસ્પિટલના સત્તાધીશોને મળીને રેડિયોલોજીસ્ટ તબીબ રજા પર જતાં પડતી મુશ્કેલીઓ અંગે રજુઆત કરાઈ છે. પરંતુ ગોધરા સિવિલ હોસ્પિટલના સત્તાધિશો દ્વારા રેડિયોલોજીસ્ટ તબીબની કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી નથી. હાલ ઉનાળાની ગરમીમાં દર્દીઓ ભુખ્યા અને તરસ્યા સરકારી હોસ્પિટલમાં રેડિયોલોજીસ્ટની રાહ જોઈને બેસી રહેતા હોય છે. પરંતુ રેડિયોલોજીસ્ટ રજા ઉપર હોવાથી સોનોગ્રાફી થાય નહિ તેમ કહેવામાં આવતા ખાનગી તબીબ પાસે નાણા ખર્ચીને સોનોગ્રાફી માટે જવું પડતું હોય છે.


સિવિલ હોસ્પિટલના સત્તાધિશો દ્વારા રેડિયોલોજીસ્ટ હાજર ન હોવાની દર્દીઓને વેઠવી પડતી હાલાકી અંગે જણાવ્યું કે, ફરજ ઉપરના રેડિયોલોજીસ્ટ હાલ અકસ્માતગ્રસ્ત બન્યા છે. ત્યારે સત્તાધિશો દ્વારા અન્ય વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી છે.

# ગોધરા રેલ્વે સ્ટેશન પર વારંવાર એલિવેટર ખોટકાતા મુસાફરોને હાલાકી

ગોધરા,

ગોધરા શહેરમાં જિલ્લાનુ સૌથી મોટુ રેલ્વે સ્ટેશન આવેલુ છે. સ્ટેશન ખાતે ચાત્રીઓને વધુ સુવિધાઓ મળી રહે તે માટે રેલ્વે તંત્ર દ્વારા પ્લેટફોર્મ નં.-૧ અને ૨ પર એલિવેટર લિફ્ટ મુકવામાં આવેલ છે. જેથી ચાત્રીઓને અન્ય પ્લેટફોર્મ પર જવા માટે સુવિધા મળી રહે અને લાંબા ચકકર લગાવવા ના પડે પણ લિફ્ટ ચાલુ કર્યા બાદ અનેકવાર ખોટકાવવાના બનાવો બનતા ચાત્રીઓને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. જેથી ફરી લિફ્ટના દરવાજામાં ખામી સર્જાતા ફરી એક વખત લિફ્ટને સદંતર બંધ કરી દેવામાં આવતા ચાત્રીઓને બીજા પ્લેટફોર્મ ખાતે જવા માટે ફુટ ઓવર બ્રિજનો ઉપયોગ કરવાની ફરજ પડેલ હતી.ચાત્રીઓને ભારે સામાન ઉંચકીને જવાની ફરજ પડતા સ્ટેશન ખાતે ચાત્રીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. લીફ્ટના દરવાજા પર ચાંત્રિક ખામીને કારણે લિફ્ટ બંધ છે. તેવુ બોર્ડ મારી દેવામાં આવેલ હતુ. રેલ્વે તંત્રના અધિકારીએ વધુમાં જણાવ્યુ હતુ કે,લિફ્ટની રિપેરીંગ માટે કારીગર બહારથી આવતા હોય છે. જે આવતીકાલ સુધી આવી જશે અને ફરી લિફ્ટ રાબેતા મુજબ કાર્યરત થઈ જશે.

# ગોધરા ફાયર વિભાગે ફાયર સેફ્ટી, એન.ઓ.સી. વગર શેડમાં ચાલતા રસોડાઓની તપાસ કરી ૩ રેસ્ટોરન્ટ અને ૧ હોટલ બંધ કરાઈ





ગોધરા,

ગોધરા નગર પાલિકા ફાયર વિભાગ દ્વારા હોટલ અને રેસ્ટોરન્ટમાં શેડમાં ચાલતા રસોડા તેમજ પુઠાનો જથ્થો સંગ્રહ કરનાર સ્થળોએ તપાસ કરાઈ હતી. ફાયર સેફ્ટી ઉપરકરણો તેમજ ફાયર એન.ઓ.સી. અને બીજી પરમીશન ન હોય તેવા ૩ રેસ્ટોરન્ટ અને ૧ હોટલને બંધ કરવામાં આવ્યા.ગોધરા નગર પાલિકા ફાયર વિભાગ દ્વારા શહેરમાં હોટલ અને રેસ્ટોરન્ટમાં ગેરકાયદેસર શેડમાં ચલાવતા રસોડાઓની તેમજ પુઠાના સંગ્રહ કરતા સ્થળોએ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગોધરા ફાયર વિભાગ દ્વારા બોમ્બે ચોપાટી, શ્રીકૃષ્ણ સ્વીટસ, હોટલ સતલુજ અને નાસ્તાવાલા નામની રેસ્ટોરન્ટમાં તપાસ હાથ ધરાઈ હતી. તપાસ દરમિયાન હોટલ અને રેસ્ટોરન્ટમાં ફાયર સેફ્ટીના ઉપકરણો તેમજ ફાયર રેસ્ટોરન્ટ અને બીજી પરમીશન વગર ચાલતા ૩ રેસ્ટોરન્ટ અને ૧ હોટલમાં ફાયર સેફ્ટીને લઈ ગંભીર બેદરકારી સામે આવતાં બંધ કરવામાં આવ્યા છે. ગોધરામાં બોમ્બે ચોપાટી નામની રેસ્ટોરન્ટની પાછળના ભાગે પતરાનો શેડ બનાવીને કોઈપણ જાતની ફાયર સેફ્ટી વગર રસોડું ચલાવતું હતું. ગોધરા ફાયર વિભાગ દ્વારા રાજકોટ ગેમઝોનના બનાવ બાદ એકશનમાં આવીને ફાયર સેફ્ટીના ઉપકરણો ન ધરાવતા ધંધાકીય એકમો, હોટલો, રેસ્ટોરન્ટ જે ફાયર એન.ઓ.સી. મેળવેલ હોય તેની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેને લઈ ફાયર સેફ્ટી અને ફાયર એન.ઓ.સી. વગર એકમોના સંચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## ગોધરા તાલુકાના બેઢીયા ગામનો અને વડોદરા મધ્યસ્થ જેલમાં સજા કાપતો કેદી પેરોલ રજા પુરી થતાં હાજર નહિ થઈ ફરાર થઈ જતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના બેઢીયા ગામના આરોપી મધ્યસ્થ જેલમાં સજા ભોગવતો હોય અને ગુજરાત હાઈકોર્ટમાંથી દસ દિવસના પેરોલ રજા પર મુક્ત થઈ પેરોલ રજા પુરી થયા બાદ જેલમાં હાજર નહિ થઈ ફરાર થઈ જતાં આ બાબતે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

વિસ્તૃત માહિતી પ્રમાણે ગોધરા તાલુકાના બેઢીયા ગામના આરોપી વડોદરા મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવતા કેદી નં.-૮૭૫૯૫ રોશન ઉર્ફે નાનાભાઈ નટવરભાઈ ચૌહાણ ગોધરા એ-ડીવીઝન પોલીસ મથકના કેસમાં બીજા એડિશનલ સિવિલ મેજીસ્ટ્રેટ કોર્ટ દ્વારા તા.૧૩/૦૭/૨૦૨૩ના રોજના ચુકાદામાં ત્રણ વર્ષની સખ્ત કેદની સજા તથા ૧૫ હજારનો દંડ અને દંડની રકમ ન ભરે તો વધુ ૮ માની સજા ફરમાવેલ હતી. કેદી દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પેરોલ અરજી કરતા ૧૪/૦૩/૨૦૨૪ના હુકમથી ૧૦ દિવસના પેરોલ રજા ઉપર મુક્ત કરેલ અને ૧૯/૦૩/૨૦૨૪ના રોજ પેરોલ રજા પુરી થતી હોય અને પેરોલ કેદી જેલમાં હાજર નહિ થઈ ફરાર થઈ જતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે વડોદરા મધ્યસ્થ જેલમાં હુકમથી ફરિયાદ નોંધાવવા પામી છે.

## ગોધરા ખાતે આવેલ ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાનમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઊજવણી કરવામાં આવી



ગોધરા,

પંચમહાલ જીલ્લાની ગોધરા ખાતે આવેલ ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાનમાં રોજગાર લક્ષી તાલીમ લેવા આવેલ તાલીમાર્થીઓ દ્વારા ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે સંસ્થામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બેન્ક ઓફ બરોડાના બેન્ક લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર સતેન્દ્ર રાવ તેમજ સંસ્થાના ડાયરેક્ટર ડી.દેશમુખ, સ્ટાફ તેમજ તાલીમાર્થીઓ દ્વારા આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી આ દરમ્યાન સંસ્થાના ડાયરેક્ટર ડી.દેશમુખ દ્વારા તાલીમાર્થીઓને વૃક્ષારોપણનું મહત્વની સાથે જણાવ્યું કે વૃક્ષોની સંખ્યા ઓછી થવાના કારણે દેશભરમાં ગરમીનું પ્રમાણ દિવસેને દિવસે વધતું જાય છે. સતત વધી રહેલા પ્રદૂષણના કારણે મનુષ્યો માત્રને જ નહીં પરંતુ આપણી સમગ્ર પ્રકૃતિ માટે પણ જોખમી છે. સ્વસ્થ પ્રકૃતિએ માનવ જીવનનો આધાર છે. આવી સ્થિતિમાં, તેનું શોષણ આપણા જીવનને અસર કરી શકે છે. પર્યાવરણ દિવસની ઉજવણી પ્રકૃતિને પ્રદૂષણ અને અન્ય જોખમોથી બચાવવાના ઉદ્દેશ્ય સાથે તમામ વિસ્તુત માહિતી આપી હતી અને તાલીમાર્થીઓ સાથે મળીને વધુ વૃક્ષો વાવવા અને તેની જાળવણી રાખવા માટે સપથ લીધા આ સાથે સાથે સંસ્થા તેમજ તેની આસપાસ સાફસફાઈ કરી શ્રમદાન કર્યું હતું.

## ગોધરા સબજેલના બેરેક નં.૩માં કાચા કામના કેદીને મોબાઈલ ફોન રાખી વાત કરતાં સ્થાનિક ઝડતી સ્કોર્ડ ઝડપ્યો

ગોધરા,

ગોધરા સબજેલમાં સ્થાનિક ઝડતી સ્કોર્ડ દ્વારા આકસ્મિક બેરેકોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન બેરેક નં.૩માં કાચા કામના કેદી સબજેલમાં મોબાઈલ ફોન ઉપર વાત કરતાં ઝડપાઈ ગયો હતો. આ બાબતે સબજેલના ઈન્ચાર્જ જેલર દ્વારા આરોપી વિરૂદ્ધ એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરા સબજેલમાં ૩ જુનના રોજ રાત્રીના સમયે સ્થાનિક ઝડતી સ્કોર્ડ દ્વારા તપાસ કરવામાં આવી હતી. ત્યારે બેરેક નં.૩માં રાખેલ કાચા કામનો કેદી જય ઉર્ફે ભુમી દિપકભાઈ શાહ મોબાઈલ ફોન ઉપર વાત કરતો હોય જેને સુબેદારે ઝડપી પાડયો હતો. ઝડતી સ્કોર્ડ કેશોડા કંપનીના મોબાઈલ બેટરી અને સીમ કાર્ડ કબ્જે લઈને કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

# ૫ જુન ૨૦૨૪ના વિશ્વ પર્યાવરણ દિવસે હાલોલના જેપુરા ખાતે વન કવચ પદ્ધતિથી વાવેતર કરાઈ વૃક્ષોના સ્થળે નાયબ સંરક્ષકએ મુલાકાત લીધી

ગોધરા,

તા. ૫ જુન ૨૦૨૪ના વિશ્વ પર્યાવરણ દિન નિમિતે ગોધરા સામાજીક વનિકરણ વિભાગ, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, હાલોલ નગરપાલિકા અને ગુજરાત નેચરલ ફાર્મિંગ યુનિવર્સિટીના વિવિધ અધિકારીઓ, નાયબ વન સંરક્ષક, ડો.મીનલ જાની, મદદનીશ વન સંરક્ષક વાય.વી.પુવાર, જે.ઓ.દુમાંડીયા,પ.વ.અ. વિ.રેંજ, ઘોઘંબા,જી.પી.સી.બી.ના સિનિયર સાયન્ટીસ્ટ ડો.નિહારીકા, ચીફ ઓફીસર હીરલ ઠાકોર તથા રાજુભાઈ ઠકકર, નોડલ ઓફીસર, ગુજરાત નેચરલ ફાર્મિંગ યુનિવર્સિટી, હાલોલ તથા વિવિધ કર્મચારીઓ અને વિવિધ




કંપનીઓ ટોટો, સનફાર્મા,એલેમ્બિક,બી.ડી.આર ફાર્મા, જી.એફ.એલ.એમ.જી, મોટેસ, સી.એટ.ટાયર્સ.રૂબામીન, પોલીકેબ વગેરે નાં એન્વાયરમેન્ટલ હેલ્થ એન્ડ સિક્યુરીટી વિભાગ નાં કર્મચારીઓએ ગત વર્ષે બનાવેલ જેપુરા વન કવચ પદ્ધતીથી વાવેતર કરવામાં આવેલ તેની મુલાકાત લીધી હતી.

અત્રે ડો.મીનલ જાની, નાયબ વન સંરક્ષક, ગોધરા એ તમામને માત્ર દેશી(નેટીવ) અને સ્થાનીક પ્રજાતિઓ કે જે હજારો લાખો વર્ષો થી ગુજરાતની જ ભૂમિ ઉપર ઉગે છે. તેને જ ઉગાડવા માટે પ્રેરણા આપી હતી.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન દેશી, સ્થાનીક પ્રજાતિઓ જેવી કે કડાયો, કુસુમ, ખાખરો, આકોલ, ઠિકરી, વાયવર્ણો, સિમડો, ભમ્મરછાલ, બોથી, બોન્ડારો, બીલી, બહેડા, રંગતરોહીડો, મોયણો, આકડો, નગોડ, બીયો, ટેટુ જેવા નેટીવ વૃક્ષો વાવવાની હિમાયત કરી હતી તથા ઠિકરી, વાયવર્ણોનો વગેરે પ્રજાતિઓ નિવસનતંત્ર માટે કેટલી જરૂરી છે. તેની માહીતી આપી હતી.

વધુમાં ગોધરા સામાજીક વિભાગે ચાલુ વર્ષે ૫૨.૦ લાખ રોપા ઉછેરેલ છે. તેનાં વિતરણ તથા વાવેતર પણ ચાલુ વર્ષે કરવામાં આવશે. આમ, પર્યાવરણને મોટુ યોગદાન આપવામ આવશે.તેમ જણાવ્યું

## હાલોલમાં એલેમ્બિક સુપોષણ પ્રોજેક્ટ દ્વારા પોષણ વાટીકા માટે બિયારણ વિતરણ કરાયું



હાલોલ,

આજ રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે એલેમ્બિક સી.એસ.આર. ફાઉન્ડેશન અંતર્ગત બાળકો, કિશોરીઓ, સગર્ભા તેમજ ધાત્રી માતાના આરોગ્યમાં સુધારો થાય તે હેતુથી ઘરે ઘરે પોષણ વાટિકા બનાવાના અભિગમ સાથે એલેમ્બિક સુપોષણ પ્રોજેક્ટ દ્વારા હાલોલ સ્થિત ૧૫ ગામની ૧૭ આંગણવાડીના લાભાર્થીઓને બિયારણનું વિતરણ કરી સાથે તેના વાવેતર કાળજી અંગે સમજ આપવામાં આવેલ હતી. જેની આરોગ્ય વિભાગના તેમજ સંકલિત બાળ વિકાસના આંગણવાડી કાર્યકર સાથે રહીને ઉજવણી કરવામાં આવેલ હતી.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પટેલીયા અરવિંદભાઈ
પૂજા ભાઈ
તરફથી અભીનંદન....
મો. સાગારામા
દે.બારીયા

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
હરિજન ચેતનકુમાર
બાબુભાઈ
તરફથી અભીનંદન....
મો ઉચવાણ
દે.બારીયા

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પટેલીયા સુમિત્રાબેન
ભારૂભાઈ
તરફથી અભીનંદન....
મો.બોઘાડવા
ધાનપુર